Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૫૧ ● તા. ૧૫ થી ૨૧ ડિસેમ્બર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન હૈદરાબાદ દ્વારા સ્નેહમિલન


સૌ. હેમાલી મોતા રચિત વિજેતા ફુલ રંગોળી


મહાજનશ્રીના મંચસ્થ પદાધિકારીઓ


હારારોપણ કરતા માતુશ્રી સોનબાઈ અને કલ્પનાબેન પટેલ


પ્રમુખશ્રી મણીકાંતભાઈ મોમાયા દ્વારા આવકાર


સ્નેહમિલનમાં ઉપસ્થિત જ્ઞાતિબહેનો


સ્નેહમિલનમાં ઉપસ્થિત જ્ઞાતિભાઈઓ


સેક્રેટરી શ્રી મોનીક ધરમશી દ્વારા પ્રવૃતિ અહેવાલ


શ્રી ધીરજ છુલ્લા દ્વારા વિદ્યાર્થીને મા. જેતબાઈ રજતપદક અર્પણ


કુ. ભાવિની જીતેન મૈશેરીને એવોર્ડ આપતા શ્રી રમેશભાઈ


માતુશ્રી સોનબાઈ પટેલનું બહુમાન કરતા લતાબેન


સૌ. કલ્પના હિરેન પટેલનું બહુમાન કરતા કાંતાબેન દંડ


વયોવરીષ્ઠ જીવરાજભાઈ મોતાનું સન્માન કરતા શ્રી ધનપત મોતા


બાળકોને જ્ઞાનગમ્મત રમાડતા જ્યોતી મહેન્દ્ર મોતા


દાંડિયા રાસ રમતા જ્ઞાતિજનો


સાઈનીંગ સ્ટાર્સ ટીમ સાથે લતાબેન મોમાયા


સ્પર્ધાઓના વિજેતાઓને પારિતોષિક

# કીં ભુલાજેં તું પુત્તર ?
## પ્રથમ પુણ્યતિથિ તા.૨૪-૧૧-૧૨

જન્મ
તા.૨૨-૧-૭૧
(તેરા)



અરિહંતશરણ
૨૪-૧૧-૧૧
(મુંબઈ)

**સ્વ. યોગેશ રતીલાલ (રશ્મિન) શિવજી ખોના**
(ઉ.વ. ૪૧)

**✻ અંજલિ પ્રાર્થયિતા ✻**

શા. શિવજી નાગશી ખોના પરિવાર (તેરા-મુંબઈ)
એવમ્ સમસ્ત ખોના પરિવાર
નાનાણાં : શા. શામજી માડણ મોતા પરિવાર
(સુથરી - મુંબઈ અને જામનગર)

## પ્રથમ પુણ્યતિથિજો મિઠુડે પુત્તરજ્યું મિઠ્યું જાધું...

હિકડો વરે વ્યો, હાણે વેંધા વરેંજા વરેં;
તોય તું કીં ભુલાજેં? જુકો અખિંયેં સામે ખ્યો રમેં!
દાદેજો વેં તું ભારી ચાગલો, જેં તોકે ફુલેંતે વેરાઈ ફેરાયોં;
કાકાકે પણ એતરોજ પ્યારો, જેં તોકે લાડ-કોડ ડે લડાયો.
કીં ભુલાજેં નન્ની ફૂઈ? , જેંજે હથ્થેંમેં તોજો જનમ થ્યો સવાયો;
માં જીતરો વહાલ ડે, તોજો બાલપણ ખોરેમેં વિતાયો.
કીં ભુલાજે તોજો બાલપણ? જે ભેંણ ભેગ્યું વડીંયું કૈયું રાંધું;
બોય વેડયા-છણ્યા ને ઝૂર્યા, તોય ફિરિ હિકડા થૈ રમ્યા રાંધું.
બેબાકડી થૈ રૂવે તોજી માઁ, નેત્રેધારી રૂવેં તોજ્યું ફુઈયું;
**રશ્મિન** રૂવે વિનાંઈધે જીગરજે ટુકકરકે, જેંજ્યું કીં નિકરધ્યું રાતું?
તોજી વ્યક્તિત્વમેં એળી હુઈ વિશેષતા, જે તું ભુલ્યો નતો ભુલાજેં;
તું નંઈયે છતાંય અસાં ભેરો અંઈયેં, કો-ત તોજી જાધું કીં ભુલાજે?
તોજી યાદગીરીલા ઘણેં ઘણેં, સત્કાર્ય કરેલા સુજે વિઠો,
પણ મન એળો મુંઝાયેલો કે, જીતરો કરીંયું તિતરો ઓછો લગે વિઠો
જડેં ભેગા થીયેં સગા વહાલા, તેર તોજ્યુંજ નિકરેં ગાલીંયું;
ને ખુશીજે પ્રસંગે અખ્ખજા ખૂણાં નીરા ને ભીજેં પાંપણીયું.
તો વિગર જીંયાણ થ્યો ખારો, મને નકો ચિત્તેં ઘા ડેઇ વેં તું ઝોઝારો
જીંયાણ-મરાણ નાંય પિંઢજે હથ્થમેં, ઈ આય કુધરતજો ધારો
તોજી યાદેંજે સથવારે, જીવેલા મિલે હિંમતજો સહારો;
ને જજીવન જજીવી શકો 'રશ્મિન'તો જેળો સત્વ વારો.
કમલબાઈ નાંગશી ખોના પરિવારજી, અંતરથી અરદાસ;
તોજે આત્માકે અનંત સુખ-શાંતિ મિલે, પરમ પ્રભુજે પાસ – **રશ્મિન ખોના**

# હાર્દિક અભિનંદન !







**મિખિલ મણિકાંત ધરમશી** (કોઠારા-રાયચૂર)
(જન્મ : ૧-૧-૧૯૮૬)
B.Sc. (Nautical Science-Marine)
Deck Chief Officer - Seerland Co. (Italy)
ચિ. મિખિલના ઉજજવલ ભવિષ્ય તથા ઉત્તરોતર પ્રગતિ માટે
અંતરની શુભેચ્છાઓ...

**~ શુભાશિષ ~**

દાદાણા : માતુશ્રી કસ્તુરબાઈ રતનશી ભવાનજી ધરમશી
નાનાણા : માતુશ્રી દેકાંબાઈ ચાંપશી લોડાયા(જખૌ-અમલનેર)
ભાભી-બાપુજી : સૌ. સરોજ-ડૉ. મધુકાંત રતનશી ધરમશી (ગાંધીધામ)
માતા-પિતા : સૌ. મીના-મણિકાંત રતનશી ધરમશી (રાયચૂર)
ભાઈ-ભાભી : સૌ. જલ્પા-હિતેશ ધરમશી (ઘાટકોપર)
બહેન-બનેવી : સૌ. અવનિ-ભાવેશ ખોના (મુલુંડ)
એવમ્ સમસ્ત ધરમશી અને લોડાયા પરિવાર
094812093083

# માલદે પરિવારનું ગૌરવ







**કુ. છાયા દેવેન્દ્ર માલદે**
(દલતુંગી)

કુ. છાયાએ B.Sc. (Computer Science) માં Distinction સાથે ડી.જી.રૂપારેલ કોલેજ (માટુંગા રોડ)માં પ્રથમ ક્રમાંક મેળવી અમારા પરિવારનું નામ રોશન કર્યું છે. આ સિધ્ધી માટે તેને હાર્દિક અભિનંદન તથા સફળ ભવિષ્યની શુભકામનાઓ...

**~ અમી આશિર્વાદ ~**

દાદા-દાદી : મણીબેન હીરજી નાયાંભાઈ માલદે
નાના-નાની : ધનલક્ષ્મીબેન વિશનજી લાલજી ધરમશી
મમી-પપા : દક્ષા-દેવેન્દ્ર હીરજી માલદે
લાડલી બહેન : નિધી દેવેન્દ્ર માલદે

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 51 / 2012**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ:** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## "ધ્યાન" જૈન દર્શનની દૃષ્ટિએ – *પ્રવીણ ખોના (મુંબઈ)*

***(અંક નં.૫૦થી ચાલુ)...*** **આર્તધ્યાન :** જ્યારે ચિત્તને અસ્વિકાર્ય પરિસ્થિતિનો સામનો કરવાનો આવે છે. ત્યારે આર્તધ્યાન પેદા થાય છે. એ ચાર પ્રકારે હોય છે.

૧. અનિષ્ટ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિથી બચવાની ઇચ્છા, ૨. રોગથી બચવાની ઇચ્છા, ૩. ઇષ્ટ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ પામવાની ઇચ્છા, ૪. પરલોકમાં પણ કરેલ ધર્મના ફળરૂપે ઉપરોક્ત અનિષ્ટો ટાળવાની અને ઇષ્ટ મેળવવાની ઇચ્છા.

ઉપરોક્ત બાબતો અંગેની ચિંતાને આર્તધ્યાન કહેવામાં આવે છે. તીવ્ર અર્તધ્યાન તિર્યંચ ગતિમાં લઈ જાય છે

આર્તધ્યાનનું મૂળ વિપરીત સંજોગ નથી, પણ મનની નબળાઈ છે. વિપરીત સંજોગોથી બચવું એ આર્તધ્યાનથી બચાવાનો માર્ગ નથી, પરંતુ તેનો સ્વિકાર કરી માનસિક રીતે સ્વસ્થ રહેવું તે આર્તધ્યાનથી બચવાનો માર્ગ છે. છેને સોનેરી સલાહ? સંજોગ નહીં પણ રૂચિ-અરૂચિ, ગમો-અણગમો એજ આર્તધ્યાનનું કારણ છે. અનુકૂળ કે પ્રતિકૂળ વસ્તુ કે પરિસ્થિતિનો રાગ-દ્વેષ ગમા-અણગમા વગર સ્વિકાર કરવો એ આર્તધ્યાનથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ છે. આજનું મનોવિજ્ઞાન પણ એજ કહે છે.

**રૌદ્રધ્યાન :** તીવ્ર કષાયો-ક્રોધ, માયા, માન, લોભ, રાગ, દ્વેષ વી. રૌદ્રધ્યાનમાં પરીણામે છે. ક્રૂર ભાવો, ઘાતકી વિચારો, નિર્દયતા, નિઘૃણત્વ, કઠોરતા વી. માં જ્યારે ચિત્ત એકાગ્ર બને છે ત્યોર રૌદ્રધ્યાન પેદા થાય છે. રૌદ્રધ્યાન આત્મા માટે નરક ગતિનું કારણ બને છે. આર્તધ્યાનની અતીતિવ્રતા રૌદ્રધ્યાનમાં પરીણમે છે. આર્તધ્યાનમાં અત્યંત રુદ્રતા, ઉશ્કેરાટ, આવેશ, આવેગ, મારફાડની, ખતમ કરવાની, નિકંદન કાઢવાની, પાયમાલ કરવાની નિર્ઘૃણરીતે વર્તવાની વૃત્તિ હોય છે. સામાને ગમે તેવી દયાનિય કે કરૂણ સ્થિતિમાં મુકાવું પડે, કે મરવું પડે તોય વાંધો નહીં, તેવી વૃત્તિ સાથે હિંસા, ચોરી, અસત્ય ભળે તો રૌદ્રધ્યાન વધુ તિવ્ર બને છે.

રૌદ્રધ્યાનથી વાણી, વિચાર અને વર્તનમાં રુદ્રતા આવે છે. સામા પર હુમલો કરવાની ઇચ્છા જાગે છે, સામાને ખતમ કરવાની, મારવાની, તેની કતલ કરવાની વૃત્તિ પેદા થાય છે. સામાનું વધુમાં વધુ અહિત થાય, વધુમાં વધુ નુકશાન થાય તેવું કરવાની ઇચ્છા જાગે છે. સામાનું બધુંજ લૂંટી લેવાનું-પડાવી લેવાનું મન થાય છે. સર્વે ચીજો કોઈ પણ રીતે અને કોઈ પણ ભોગે પોતાની બનાવવાની તિવ્ર ઇચ્છા પેદા થાય છે. પોતાનું કોઈ લઈ જશે એ બીકથી સામાને પતાવી નાંખવાનો આવેગ પણ પ્રગટે છે. આતંકવાદ એનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

રૌદ્રધ્યાનના ચાર પ્રકારો છે : ૧. હિંસાનુબંધી રૌદ્રધ્યાન, ૨. મૃષાનુબંધી રૌદ્રધ્યાન (અસત્ય), ૩. સ્તેયાનુંબંધી (ચોરી) રૌદ્રધ્યાન, અને ૪. સંરક્ષણાનુંબંધી રૌદ્રધ્યાન (પોતાનું છે તે કોઈ લઈ લેશે, પડાવી લેશે, એ ભયથી હિંસા વી. આચરવી)

મારે કોઈનું કંઈ જોઈતું નથી ને મારો કોઈ શત્રુ નથી એ વિચાર, વાણી વર્તન રૌદ્રધ્યાનમાંથી બચવાનો રામબાણ ઉપાય છે. જેનામાં સુધરવાની શક્યતા દેખાય એ સાતેય વ્યસને પૂરો હોય તો પણ સુસાધુ તેને આવકારે. બગડેલાને સુધારવા તેજ તો સાધુનું કામ છે. સુધરેલાને વળી શું સુધારવા? પૈસાના વ્યવહારમાં સાધુ ન પડે ત્યાં સુધીજ સાધુપણું ટકે, પડ્યા એટલે ગયા. રૌદ્રધ્યાન પ્રતિ લઈ જાય એવી પ્રવૃત્તિ વ્યક્તિ ન કરે, પણ એ કરવાનો એને ભાવ જાગે એ પણ રૌદ્રધ્યાનજ છે. આર્ત અને રૌદ્રધ્યાન તો વગર પ્રયત્ને આવી જાય છે, જ્યારે ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન પામવા માટે અથાગ પ્રયત્નો કરવા પડે છે. કૂટેવો શીખવા માટે પ્રયત્ન નથી કરવો પડતો, પરંતુ સદ્વર્તન માટે મન પર કાબુ રાખવો પડે છે.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન નીવારવા માટે જીવનભર સજાગ રહેવાની જરૂરત છે. જરાપણ ગફલત થઈ કે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ત્રાટકવા માટે બેઠા જ છે.

**ધર્મ ધ્યાન :** અહિં ધાર્મિક ક્રિયાઓ એ ધર્મધ્યાન નથી. ધર્મ ધ્યાનનો અર્થ થાય છે કે, જ્ઞાનીઓએ કહેલ વિવિધ વિષયો પર ચિંતન-મનન, મહાવીરસ્વામીએ સાડાબાર વર્ષ સુધી કાઉસગ્ગમાં રહીને ધર્મ અંગે ચિંત-મનન કરેલ અને ત્યારબાદ ધર્મનું નિરૂપણ કરેલ. જે વિવિધ બાબતો અંગે ચિંતન-મનન કરવાનું રહે છે એ છે :

૧) જિનેશ્વર ભગવાનની આજ્ઞા સકલ જીવોનું હિત કરનારી છે, સર્વ પ્રકારના દોષોથી રહિત છે એ આજ્ઞામાં ઘણાં ગૂઢ રહસ્યો રહેલા છે. એ બાબતો અંગે ચિંતન-મનન.

૨) સંસારના દુઃખો, જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, શારીરિક અને માનસિક દુઃખોના કારણો, અજ્ઞાન, અવિરતી, કષાય વી. અંગે ચિંતન-મનન.

૩) વિવિધ કર્મના ઉદયથી ઉત્પન્ન થતા વિવિધ ફળોનો એકાગ્ર ચિતે ચિંતન-મનન.

૪) લોક-પરલોક અંગે જિનશાસન દ્વારા જે કહેવાયું છે તે અંગે એકાગ્રચિત્તે ચિંતન-મનન.

આ પ્રકારનું ધર્મધ્યાન સાતમા અને તેથી ઉપરના ૧૨મા ગુણસ્થાન સુધી રહેલા આત્માઓ દ્વારાજ થાય છે. તેથી નીચેના ગુણસ્થાને રહેલા આત્માને નહીં.

**શુક્લ ધ્યાન :** આ ધ્યાન મુખ્યત્વે કેવલીઓને હોય છે. આ ધ્યાનના ચાર પ્રકારો છે. ૧૧મા અને ૧૨મા ગુણસ્થાને રહેલા પૂર્વધર ન હોય તેવા મુનીને ધર્મધ્યાન હોય છે, જ્યારે તે ગુણસ્થાને રહેલા પૂર્વધર મુનીઓને પ્રથમ બે પ્રકારના શુક્લ ધ્યાન હોય છે. ૧૩મા અને ૧૪મા ગુણસ્થાને રહેલા આત્માઓને પાછલા બે પ્રકારના શુક્લ ધ્યાન હોય છે. આ ધ્યાન અંગેનું વિવરણ અટપટું છે.

માણસના અંત સમયે કયું ધ્યાન પ્રવર્તે છે. અને તેમાં કયા ભાવ ભળેલા છે તેના પરથી આગલા ભવની ગતિ નક્કી થાય છે. મરણ સમયે આ દુનિયા, સગાંવહાલાં, કુટુંબ કબીલો, ધનસંપતી છોડી જવાનું દુઃખ હોય તો આર્તધ્યાન પ્રવર્તે છે જે તિર્યંચ ગતિનું કારણ બને છે. મરણ સમયે કોઈના પર બદલો ન લેવાયાનું દુઃખ હોય. બદલો લેવાની સંતાનોને ભલામણ કરાવી વિ. માં રૌદ્રધ્યાન પ્રવર્તે છે. જે આગલા ભવમાં નારકી ગતિમાં જવાનું કારણ બને છે. મૃત્યુ સમયે પ્રવર્તતું ધર્મધ્યાન બીજાભવમાં મનુષ્ય ગતિ કે દેવગતિમાં આત્માને લઈ જાય છે, જ્યારે અંત સમયે પ્રવર્તતું શુક્લ ધ્યાન મોક્ષ ગતિ અપાવે છે. અંત સમય શીવાય પણ જીવન દરમ્યાન કોઈ ધ્યાન તીવ્રપણે થયું હોય તો પણ તેના ફળરૂપ ગતિ થાય છે.

**રાજર્ષિ પ્રસન્નચંદ્રનું દ્રષ્ટાંત :**

રાજર્ષિ પ્રસન્નચંદ્ર દિક્ષા લીધા બાદ કાઉસગ્ગમાં ઊભા હતા. તે વખતે શ્રેણીક મહારાજા લાવલશ્કર સાથે મહાવીર સ્વામીને વાંદવા જઈ રહ્યા હતા.. બે સૈનિકો અંદર અંદર વાત કરતા હતા કે પ્રસન્નચંદ્ર અહિં કાઉસગ્ગમાં ઊભા છે અને એના રાજ્યમાં એમનો ભાઈ એમના પૂત્રને કેદ કરીને રાજ્યનો કબજો લઈ બેઠો છે. સૈનિકોના શબ્દો કાન પર પડતાં પ્રસન્નચંદ્રનો ક્રોધ ભભૂકી ઊઠે છે. મનમાં ને મનમાં પોતાના ભાઈ સાથે યુધ્ધ ચાલુ કરી દે છે. શ્રેણીક મહારાજ તેજ વખતે મહાવીરસ્વામીને પ્રશ્ન કરે છે કે, પ્રભુ, આ ક્ષણે જો પ્રસન્નચંદ્રનું મૃત્યુ થાય તો તેઓ કઈ ગતિ પામે? મહાવીરસ્વામી કહે છે, સાતમી નારકી.

મનોમન યુધ્ધ કરતાં પ્રસન્નચંદ્રને જણાય છે કે, એમની પાસેના સર્વે શસ્ત્રો ખલાસ થઈ ગયા છે. એટલે મનમાંને મનમાંજ ભાઈ પર વાર કરવા છેલ્લામાં છેલ્લા શસ્ત્ર તરીકે પોતાના માથા પરનો મુગટ ઉતારવા જાય છે. માથા પર હાથ ફેરવાતંજ એમને ભાન થાય છે કે, એમણે તો રાજપાટ ત્યજીને દિક્ષા લીધી છે, અને અત્યારે કાઉસગ્ગ અવસ્થામાં છે. કોણ ભાઈ, કોણ પુત્ર, ક્યું રાજ્ય, ક્યું યુધ્ધ, ક્યા શસ્ત્રો?

સર્વે ફક્ત માનસિક અવસ્થાઓ છે એઓ ઊંડા પશ્ચાતાપમાં ગરકાવ થઈ જાય છે. મનના ભાવો સંપૂર્ણપણે બદલાઈ જાય છે. તેજ વખતે શ્રેણીક મહારાજ મહાવીર સ્વામીને ફરીથી પ્રશ્ન કરે છે કે, અત્યારે જો પ્રસન્નચંદ્ર મૃત્યુ પામે તો કઈ ગતિ પ્રાપ્ત કરે? મહાવીરસ્વામી કહે છે, એઓ સિદ્ધગતિ પામીને મોક્ષે જાય શ્રેણીક મહારાજા નવાઈ પામીને પૂછે છે, આમ કેમ? જરાવાર પહેલાં આપે કહેલ કે તેઓ સાતમી નારકીમાં જાય, અને આટલીવારમાં આપ કહો છો કે, એઓ સિધ્ધગતિ પ્રાપ્ત કરીને મોક્ષે જાય? મહાવીર સ્વામી જવાબ આપે છે કે, પહેલા વખત તમે પૂછયું ત્યારે તે માનસિક રીતે યુધ્ધ કરતા કરતાં રોદ્ર ધ્યાનમાં ચાલ્યા ગયા હતા અને જ્યારે તમે બીજી વખત પૂછયું ત્યારે એમણે પશ્ચાતાપમાં ગરકાવ થઈને શુક્લ ધ્યાનમાં પ્રવર્તતા હતા.

ધ્યાનનું આ પ્રકારનું વિશ્લેષણ જૈન દર્શનમાં અજોડ છે. માનસિક અવસ્થા અને મનના ભાવ આવતા ભવની ગતિ નક્કી કરે છે.

**ચિત્તની એકાગ્રતાનું એક દ્રષ્ટાંત :**

એક સસરા સામાઈક કરવા બેઠા હતા તે દરમ્યાન ઘેર પેઢીનો માણસ આવ્યો ને શેઠ માટે પૃચ્છા કરી. શેઠની પૂત્રવધુએ જવાબ આપ્યો, શેઠ તો ચમારવાડે ગયા છે. શેઠે સામાઈક પૂરૂં થતાં, પૂત્રવધુને પૂછયું, બેટા, હું ઘેર સમાઈકમાં બેઠો હતો છતાંય તમે માણસને કેમ કીધું કે હું ચમારવાડે ગયો છું. પૂત્રવધુ કહે, પિતાજી તમે બનાવવા માટે આપેલ મોજડીની ડીલીવરી મોચી આજે આપવાનો છે. સામાઈક દરમ્યાન તમે એમજ વિચારતા હશો કે મોચીએ મોજડી બનાવીને રાખી હશે કે નહીં, કેવી બનાવી હશે? શેઠ કહે, બેટા તમે સાચું કહો છો.. મારા મનમાં મોજડીનાજ વિચાર ચાલતા હતા..

કહેવાનું તાત્પર્ય એટલું કે, આપણે કોઈ ક્રિયા કરતા હોઈએ ત્યારે આપણું ચિત્ત અન્ય બીજી બાબતોમાં ભમતું હોય છે. જેમ સામાઈક કરતાં કરતાં પણ શેઠ મોજડી અંગે વિચારતા હતા.. ચિત્તની એકાગ્રતાનો એ અભાવ છે. મહત્વ ક્રિયાનું નથી.. ચિત્તનો એકાગ્રતાનું છે. આ વાત આધ્યાત્મિક તેમજ વ્યવહારિક બધી બાબતોને લાગુ પડે છે.

|| શ્રી મહાવીર સ્વામીને નમઃ || || શ્રી સુવિધિનાથાય નમઃ || || શ્રી આદિનાથાય નમઃ ||

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

જખૌ મહાજન
Estd. 1966

## વાર્ષિકોત્સવ અને સ્નેહમિલન સમારોહ – ૨૦૧૨

**આવો આપણે સૌ સાથે મળી જખૌ મહાજનને વધુ મજબુત બનાવવા સંકલ્પ કરીએ.**

જખૌ ગામવાસીઓ તથા નિયાણી બહેનોનેને જણાવતાં આનંદ થાય છે કે. આપણા જખૌના સ્નેહમિલનના અણમોલ અવસરે આપની વ્યસ્તતામાંથી સમય ફાળવી અવશ્ય પધારશો એવી સહૃદય ભાવે વિનંતી છે. આપણા ગામના આ મેળાવડામાં સહ પરિવાર પધારવા **હાર્દિક આમંત્રણ** છે.

શુભ નિશ્રા : **પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**
સમારંભ પ્રમુખ : શ્રી હેમેન્દ્ર વિશનજી લોડાયા – મુલુંડ
અતિથીવિષેશ : શ્રી નેણશી લધાભાઈ મૈશેરી – મુલુંડ
શ્રી હંસકુમાર શામજી શીયાડ – મુલુંડ

### ❊ કાર્યક્રમ : ❊

શુભ દિવસ : રવિવાર તા. ૩૦/૧૨/૨૦૧૨ સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૮.૦૦ કલાક સુધી

| | |
|---|---|
| સવારે ૧૦.૧૫ કલાકે | દિપ પ્રકાશન |
| સવારે ૧૦.૩૦ કલાકે | સ્વાગત ગીત |
| સવારે ૧૧.૧૫ કલાકે | માંગલીક |
| સવારે ૧૧.૨૫ | સ્વાગત પ્રવચન |
| સવારે ૧૧.૩૦ થી | પ્રાસંગિક ઉદ્‌બોધન અને બહુમાન |

**શુભ સ્થળ : શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિધ્ધી, ભાંડુપ (વે), મુંબઈ – ૭૮.**

બપોરે સાધર્મિક ભક્તિનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો :

**માતુશ્રી મુરબાઈ વિશનજી લોડાયા – બાંઢીયા**
**માતુશ્રી જયાબાઈ દામજી ધરમશી(પટેલ) – જખૌ**
હ. અ.સૌ. પ્રભાબેન હેમેન્દ્ર લોડાયા – મુલુંડ
**શ્રી લધાભાઈ શિવરાજ મૈશેરી – જખૌ**
હ. શ્રી નેણશી લધાભાઈ મૈશેરી – મુલુંડ

સંધ્યાભોજનનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર :

**માતુશ્રી દમયંતીબાઈ શામજી શિયાડ પરિવાર** હ. શ્રી હંસકુમારભાઈ શિયાડ – મુલુંડ

(ચોવિહારની વ્યવસ્થા રહેશે)

આપના આગમનની પ્રતિક્ષામાં...

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન વ્ય. સમિતિ**

## ઓહ માય ગોડ

- *પ્રવીણ લોડાયા (વડોદરા)*

દરેક ધર્મની એક સૌથી મોટી મર્યાદા એ છે કે, તેઓના અનુયાયીઓ તેમના પોતાના ધર્મને શ્રેષ્ઠ માને છે અને અન્ય ધર્મને ઉતરતો માને છે. *'પ્રધાનં સર્વ ધર્માણાં જૈનં જયતિ શાસનમ્ !'*

બીજા ધર્મના અનુયાયીઓ પણ પોતાના ધર્મને શ્રેષ્ઠ જ માનતા હોય છે તેમના મુખ્ય ધાર્મિક ગ્રંથ (બાઈબલ, કુરાન, ગીતા, અવેસ્તા, ઓલ્ડ ટેસ્ટામેન્ટ વગેરે) ને આખરી સત્ય ગણે છે. પોતાના ધર્મના ગ્રંથ રચનારા ખુદ ભગવાન છે તેમ માને છે. ભગવાન કદી ભૂલ ના કરે!

દરેક ધાર્મિક ગ્રંથમાં જુદા જુદા ઉપદેશો હોવાથી ધાર્મિક અસહિષ્ણુતા દરેક ધર્મમાં બીલ્ટ ઈન જ હોય છે.

મૃત્યુ બાદ વ્યક્તિનું શું થાય છે તે અંગે ધર્મો જુદી જુદી માન્યતા ધરાવે છે. અમુક ધર્મમં એક ઈશ્વર છે. અમુકમાં પયગંબર છે અને અમુક ધર્મમાં અનેક દેવો છે.

સમગ્ર માનવ જાતે એક મોટી ભૂલ કરી છે કે, ધાર્મિક માન્યતાઓ પવિત્ર છે. તેની કોઈ ચર્ચા જ ના થઈ શકે, તેને સાચી જ માનવી જોઈએ.

અમુક ધાર્મિક માન્યતાઓ તો કરોડો લોકો ધરાવે છે તેથી જ તેને લોકો શ્રધ્ધાથી સ્વીકારે છે.

જો એકલ દોકલ માણસ માને તો તેને જગત પાગલ કે ગાંડો જ માને!

દા.ત. પૃથ્વી શેષનાગ પર ખડી છે કે ગંગા નદી શંકર ભગવાનના માથામાં છુપાયેલી છે, કે હનુમાનજી આખો પર્વત ઉપાડી લાવ્યા વગેરે.

આ માન્યતાઓને સમાજનો માત્ર એક માણસ માને તો લોકો તેને પાગલ ગણે.

પુષ્કળ મોટી સંખ્યામાં અંધશ્રધ્ધાળુ સ્ત્રીઓ એમ માને છે કે કેવડા ત્રીજ, કડવા ચોથ કે ઠંડી સાતમ કરવાથી પતિનું આયુષ્ય વધે છે. તો તે માન્યતાને સાચી ગણવામાં આવે છે. ઉપરની કોઈ પણ માન્યતા માટે સાબીતીનો એક તસુભાર પણ અંશ નથી.

કમાલ ત્યારે છે કે, કોઈ પણ સંત કે બાબાએ આ ખોટી માન્યતાઓને નકારી નથી.

બધા ચમત્કારી બાપુઓ, ગુરૂઓ, સ્વામીઓ લોકોને નફ્ફટાઈપૂર્વક છેતરે છે. ભારતમાં શાળાઓ, હોસ્પિટલો કે જાહેર સુવિધાની સગવડો ઉભી કરાવીને બદલે કરોડો રૂપિયાના ખર્ચે મંદિરો બાંધવાની સ્પર્ધા ચાલે છે!

ઈસ્લામ જગતમાં પણ કરોડોને ખર્ચે મસ્જીદો બંધાય છે અને ધાર્મિક શિક્ષણ આપતી મદરેસાઓ ઉભી થાય છે.

બાવા-સાધુ,માંત્રિકો-તાંત્રિકો, ભુવા, ભવિષ્ય ભાખનારા પરોપજીવી જ્યોતિષીઓ, પુજા-હોમ હવન પાછળ વેડફાતા દ્રવ્યો અને આ પરોપજીવી લોકોને (સાધુ, સંતો, ભુવાઓ વગેરેને) મળતું દાન બચી જાય તો પીવાનું પાણી, આરોગ્ય શિક્ષણ જેવી પાયાની સગવડો લોકોને આપી શકાય.

સૃષ્ટિનો વિકાસ ભૌતિક નિયમો અનુસાર થતો રહ્યો છે. આ વિશ્વ નિયમબધ્ધ છે. આ નિયમોને ખોળી કાઢવા માટે સંશોધન કરીને વ્યક્તિગત અને સામાજીક જીવન તેને અનુરૂપ બનાવવું જોઈએ.

સ્વર્ગ, નર્ક જેવી કપોળ કલ્પનાઓમાં રાચવા કરતાં સમાજમાં ઉભા થયેલા અન્યાયોને, શોષણો અને ભ્રષ્ટાચારને દૂર કરવા પ્રયત્નો કરવા જોઈએ.

શોષણોને ચાલુ રાખવા જે સ્થાપિત હિતો છે તેમાં ધનિકો, વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, પુરોહિતો, ધર્મગુરૂઓ, સાધુઓ મંદિરો અને મઠોનો સમાવેશ થાય છે.

તેઓની તાકાત અમાપ છે એટલે જ આપણો નૈતિકતાનો પાયો ધર્મ આધારિત નહીં પણ હકીકતો આધારિત હોવો જોઈએ. તેને આધારે જ માનવજીવનને સુસંસ્કૃત અને સમૃધ્ધ બનાવી શકાય.

વિજ્ઞાને સૃષ્ટિની ઉત્પતિ, વિકાસ, સૃષ્ટિનું સંચાલન કરતા નિયમો, માનવનું શરીર, રોગો, પ્રાણીઓ, પશુઓ, ખેતી, વરસાદ વગેરે વિષે નક્કર હકીકતો રજુ કરી છે.

જ્ઞાનપ્રાપ્તિની ભરોસાપાત્ર પધ્ધતિ આધ્યાત્મિક કે આંતર નિરીક્ષણ (ઇન્ટ્રોસ્પેક્શન) નથી પરંતુ બાહ્ય નિરીક્ષણ અને પરીક્ષણ છે.

આધ્યાત્મિક પધ્ધતિથી મેળવેલું સત્ય વ્યક્તિનિષ્ઠ (સબજેકટીવ) છે. તે સાર્વત્રિક કે સર્વ સ્વીકાર્ય નથી તેમાં સુધારણાને અવકાશ નથી. તેના આધારે કોઈ નૈતિક નિયમો ઘડી ના શકાય.

વૈજ્ઞાનિક પધ્ધતિથી મેળેલું સત્ય હોય તો માનવજાતને સમૃધ્ધ (આર્થિક અને સાંસ્કૃતિક રીતે) બનાવવામાં વાર નહીં લાગે.

જગતને જોવાની અને અનુભવવાની દષ્ટિને અંગ્રેજીમાં વર્લ્ડ વ્યુ કહે છે. વિજ્ઞાન અને ધર્મના દષ્ટિબિંદુઓ વચ્ચે મૂળભૂત તફાવતો છે.

ધાર્મિકો એવો દાવો કરે છે કે તેમનું દષ્ટિબિંદુ વધારે સાચું છે અને વધારે નૈતિક (એથીકલ) છે.

જ્યારે વિજ્ઞાન પરલોકને નહિં પણ આ જ જન્મને સુધારવા માંગે છે. વિજ્ઞાનથી સ્ત્રી-પુરૂષ સમાનતા, શિક્ષણ અને આરોગ્ય, લઘુમતિઓને ન્યાય વિગેરે મેળવવા પરલોકની રાહ જોવી નહીં પડે.

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ આયોજીત

# સાંધવ ગામે શ્રી વાછરાદાદાની પહેડી અને લોકડાયરો

ગ્રુપ દ્વારા સાંધવમાં વાછરાદાદા પહેડી અને એ પ્રસંગે લોકડાયરાનો કાર્યક્રમ આનંદ અને ઉલ્લાસપૂર્વક ઉજવાયેલ.

મુંબઈ તેમજ દેશ-દેશાવરથી બહોળી સંખ્યામાં સર્વે ભાવિકો પધારેલ. તા.૨૧-૧૧ના પ્રભુજીની ભક્તિ ભાવના તેમજ મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. સાંધવમાં બિરાજતા સર્વે દેવ-દેવસ્થાન મંદિર, માતાજી, પીર દરગાહ વગેરેના સ્થાનકનું શુધ્ધિકરણ, પક્ષાલ, નિર્માણ ધુપ-દીપ કરી સૌને આહવાન કરી આમંત્રણ આપવામાં આવેલ.

તા.૨૨-૧૧ના સવારના કોઠારાથી વિહાર કરી પૂ.સા.શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા. પધારેલ. સવારના ૮ કલાકે શ્રી શાંતિનાથ મહાપૂજન રાખવામાં આવેલ. બપોરના ૧.૩૯ કલાકે શ્રી ભગવતી મહાપૂજન (સર્વ દેવ-દેવી મહાપૂજન) હવન સાથે રાખવામાં આવેલ. આ પ્રસંગે કોઠારા, વરાડીયા, તેરાથી સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. વિધિવિધાન માટે શ્રી ધર્મેશ દેઢીયા (ઘાટકોપર), સંગીતકાર શ્રી ઈરફાન મીર માંડવીથી પધારેલ. રાત્રે હનુમાનજીનો લોટ કાર્યક્રમ રાત્રે ભૂવાજીનો પાઠ, તા.૨૩-૧૧ના સવારના વાજતે ગાજતે લાલછતા પીર તેમજ ઢોલીયા પીરની પહેડી પ્રસાદ કરાવવામાં આવેલ. સાંજના સચ્ચામાતાજી, સખત માતાજી અને સતીમાતાજીની પહેડી તેમજ ભલારાદાદાની પહેડી તેમજ રાત્રે ભલારાદાદાનું પાઠ અને વાછરાદાદાનાં ભુવાજીનો પાઠ કરવામાં આવેલ. **વાછરાદાદાના નવા ભૂવા શ્રી ગોવિંદજી લાલજી પટેલ**ને સ્થાપિત કરવામાં આવેલ.

તા.૨૪-૧૧ના બપોરના વાછરાદાદાની પહેડી પ્રસાદ, પંજોરાપીરની પહેડી પ્રસાદ તેમજ ખેતરપાળ દાદાનું પીંઢો કરવામાં આવેલ. ત્રણે દિવસ જિનાલયે પ્રભુજીની સુંદર અંગરચના તેમજ રાત્રે ભાવના કરવામાં આવેલ. આ પ્રસંગે મુંબઈ, કચ્છ અને દેશદેશાવળથી ૩૦૦ જણાં પધારેલ. રાત્રે **લોકડાયરો** રાખવામાં આવેલ. કલાકારો શ્રી નિરંજન પંડ્યા, ઉર્વશી રાધડીયા વગેરે કલાકારો પધારેલ.

વિવિધ ગામના સરપંચો તેમજ આમંત્રણને માન આપી જ્ઞાતિ અગ્રણીઓ તથા સાંધવવાસીઓ સારી સંખ્યામાં પધારેલ. તેમાં સંત મહેતો શ્રી તેમજ મુસ્લિમ સમાજના હાજી જહાંગીર શાહ (હાજીમીંયા) બાવા. સાંધવગામના મુંબઈથી શામજીભાઈ દંડ, સંદીપ લોડાયા, બાબુકાકા, નવીનભાઈ લોડાયા, ભરત ખોના, રસીકભાઈ લોડાયા, વીરચંદ ખોના, પ્રવીણ મોતા, વિપુલ લોડાયા, લાભેન્દ્ર ગોર, દિપક લોડાયા, વિરચંદ લોડાયા, ભગુભા ગોહીલ, પ્રકાશ લોડાયા (આણંદ), પ્રવિણ લોડાયા (મુલુન્ડ), નિપેશ પટેલ(ઐરોલી) મુલુન્ડથી જયેશ દંડ, બિપિનભાઈ સોનેટા, કીરણ સોનેટા, ડોંબિવલીથી શ્રી વિરેન્દ્ર લોડાયા, સોમચંદ નાગડા, કેતન દંડ, પંકજ દંડ, હિરાચંદ, કુસુમ લાલકા, નિતીન ધરમશી, મનોજ ધ્રોળ, રતિલાલ ધ્રોળ, નવિન ધ્રોળ, તિલક મોમાયા, ડો. કરનદાસ ભાનુશાળી, ચંદ્રકાંત પાસડ, દીપક પાસડ, વિપુલ ધરમશી, ઘાટકોપરથી શ્રી વિનોદ લાલાકા, નાનજીભાઈ નાગડા, અમદાવાદથી ગુલાબભાઈ દંડ, રાજકોટથી મહેશ ગૌસ્વામી, રસીક ગોસ્વામી, લોનાવાલાથી હેમંત મોતા, ગાંધીધામથી અરવિંદ લોડાયા, મહેશ લાલકા, વિપુલ લાલકા, ભુપેન્દ્ર વિકમશી, મહેશ નાગડા, દામજી લોડાયા, ભરત લોડાયા, ચેતન ખોના, મંગલ લાલકા, મનજીભાઈ ભાનુશાળી, કિશોરસિંહ જાડેજા, મોકાજી સોઢા, અજીતસિંહ સોઢા, ઈકબાલ મંધરા, અનુભા જાડેજા, વગેરે સારી સંખ્યામાં પધારેલ. ત્રણ દિવસ મહોત્સવમાં સર્વે સાંધવવાસીઓ તેમજ બહારગામથી પધારેલ મહેમાનો, કુટુંબીજનો, નિયાણી બહેનો, શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના કાર્યકર ભાઈ-બહેનો પધારીને શોભા વધારેલ. અમે સૌના સહૃદયે આભારી છીએ.

**વિપુલ પટેલ, કીરણ દંડ**

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજીત શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિનો સમુહ લગ્નોત્સવ-૨૦૧૨
## તા.૮-૯/૧૨/૧૨  સ્થળ : લીલાશા કુટિયા, આદિપુર (કચ્છ)

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા જ્ઞાતિનો સમુહ લગ્નોત્સવ તા.૮ અને ૯ ડીસેમ્બરે લબ્ધિનિધાન વાટિકા, સ્વામી લીલાશા કુટીયા, આદીપુર (કચ્છ)માં યોજાયો. જેમાં ૨૧ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા હતા. ગ્રુપમાં અધ્યક્ષ શ્રી જયેશ જૈન તથા ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલનાં જણાવ્યા મુજબ ગ્રુપ દ્વારા દર વર્ષે ડીસેમ્બર માસમાં જ્ઞાતિનાં સમુહલગ્ન યોજાય છે. કાળઝરતી મોઘવારીનાં યુગમાં સમુહલગ્નો જરૂરી બન્યા છે ત્યારે સમાજનાં પરિવારો આવા સમુહ લગ્નોમાં હોંશે-હોંશે જોડાયા છે અને સમુહલગ્નની પ્રવૃત્તિને આવકારી તેને કાયમી બનાવી છે. સમુહલગ્નના બે દિવસીય કાર્યક્રમો લગ્નની વિવિધ વિધીઓ સાથે યોજાયા હતા.

તા.૮ સવારે ૭ વાગે ગામે-ગામથી પધારેલા જાનૈયા-માનૈયા તથા સર્વે મહેમાનોનું વાજતે-ગાજતે લબ્ધિનિધાન વાટીકાના પ્રવેશદ્વારે સ્વાગત કરવામાં આવેલ. વર-કન્યાઓને કુમ-કુમ તિલક કરી મીઠડો આવકાર આપવામાં આવેલ.

ત્યારબાદ સવારે ૮.૩૦ કલાકે પૂ. મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા. તથા પૂ.સા. તથા પૂ. સા.શ્રી સંસ્કારનિધીશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં શ્રી ઋષિ મંડલ મહાપૂજન યોજાયું હતું. પૂજનવિધિ શ્રી ધર્મેશ જયંતિલાલ દેઢીયા (ઘાટકોપર)એ કરાવેલ. પૂજનમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓ પ્રભુભક્તિમાં તરબોળ બન્યા હતા.

વગડીયો પૂજવાની વિધિ, માળા પહેરાવવાની વિધી તથા માતાજીની સ્થાપના અને જુહારનાં કાર્યક્રમો યોજાયા હતા. બપોરે બે વાગે વરરાજાને ધોતિયો ચડાવવાની વિધી વાજતે-ગાજતે ગીતોની રમઝટ સાથે થઈ હતી

બપોરે ૩ વાગે શ્રી મહાકાળી માતાજીની ભાવના ભક્તિ-ભાવપૂર્વક યોજાઈ હતી. સર્વે ભાવિકો માતાજીની ભક્તિમાં જોડાયા હતા. માતાજીનાં ગરબા રમવા વર-કન્યા પણ સાથે જોડાયા હતા. આજ કાર્યક્રમ દરમ્યાન વર-કન્યાઓનાં વડીલોને પાનેતર સેટ, સાચા હીરાનાં કાનફુલ તથા ઘરચોળા અર્પણ વિધિ કરાઈ હતી. પાનેતર સેટ સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર (કોઠારા-મુલુંડ) તેમજ સાચાં હીરાનાં કાંપ તથા ઘરચોળા શ્રીમતી સીમાબેન લબ્ધીભાઈ મોમાયા (ગાંધીધામ) દ્વારા આપવામાં આવેલ. પૂજન અને ભાવનામાં પાલિતાણાનાં સંગીતકાર શ્રી કૌશિક બારોટ એન્ડ પાર્ટીએ ભારે જમાવટ કરી હતી.

સાંજે કંઢીપૂજન બાદ શ્રી ધણીબાવા તથા શ્રી ભલારાદાદાના પાઠ યોજાયા હતા. જેમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભલારાદાદાનાં પાઠની વિધી શ્રી કાંતિલાલ કલ્યાણજીએ કરાવી હતી. જ્યારે ધણીબાવાના પાઠની વિધી શ્રી પ્રબોધ મુનવરે કરાવી હતી.

રાત્રે સંગીતમય દાંડીયારાસનાં કાર્યક્રમમાં પોલિબિટ્સ ઓરકેસ્ટ્રા શ્રી રાજેશ શાહ પાર્ટીએ ભારે રમઝટ બોલાવેલ. વર-કન્યા તથા સર્વે જાનૈયા-માનૈયા ઓરકેસ્ટ્રાનાં સથવારે દાંડીયારાસમાં ઝુમ્યા હતા. ચણિયાચોલીમાં સજજ કન્યાઓ તથા સલવાર-ઝબામાં સજજ વરરાજાઓ રાસ રમીને ઝુમી ઉઠયા હતા. કન્યાઓને ભુજથી આવેલ બ્યુટીશનોએ તૈયાર કરેલ.

તા.૮ અને ૯ ડીસેમ્બરે લબ્ધિનિધાન વાટિકા, સ્વામિ લીલાશા કુટીયા, આદીપુર મધ્યે સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. સમુહલગ્નનાં મુખ્ય સહયોગી શણગારનો લાભ માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ઘરમશી (સુથરી હાલે પૂના/માટુંગા) પરિવારે લીધો હતો. જ્યારે સહયોગી શણગારનો લાભ શ્રી શાંતિલાલ કુંવરજી મોમાયા (વરાડીયા-ભાંડુપ) તથા એક સદગૃહસ્થ પરિવાર (મુલુંડ)એ લીધો હતો. સહાયક શણગારનો લાભ શ્રી જગદીશ કાનજી ઘરમશી (તેરા) માતુશ્રી દેવકાંબાઈ દેવજી નાગડા હ. પ્રફુલ્લ નાગડા (રાપરગઢવારી) માતુશ્રી દેવકાબાઈ નેણશી ઘરમશી (કોઠારા) તથા માતુશ્રી ભચીબાઈ ધનજી દંડ (પરજાઉ) આદિ પરિવારોએ લીધો હતો.

કન્યાદાનનાં મુખ્ય સહયોગી દાતાનો લાભ શ્રી કૈલાસજી અગ્રવાલ (વરૂણ ઈન્ડસ્ટ્રીઝ લી. મુંબઈ), શ્રીમતી સીમાબેન લબ્ધીકુમાર મોમાયા (મોટી સિંધોડી-ગાંધીધામ) (શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી), માતુશ્રી કુંવરબાઈ ભવાનજી સોની હ. જયંત સોની (સુથરી-જુહુ) જોય ગ્રુપ, માતુશ્રી રતનબાઈ કાંતિલાલ મોતા (રાયધણજર-મુલુંડ) (ટીકીટાર ગ્રુપ), સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન (કોઠારા-મુલુંડ) (એકઝીમ ગ્રુપ), માતુશ્રી ધનબાઈ કલ્યાણજી ભેદા (વારાપધ્ધર-મુલુંડ) નેપચ્યુન ગ્રુપ), માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ-મોમાયા (સાંયરા-મુલુંડ-હૈદ્રાબાદ) સ્ટીલ પ્રોજેક્ટ ઈન્ડીયા પ્રા. લી., માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ લોડાયા (સાંયરા-રાયપુર) પરિવારોએ લીધો હતો.

કન્યાદાનનાં સહયોગી દાતાશ્રીઓનો લાભ : મે. એકઝીમ ટ્રાન્સટ્રેડ (ઈન્ડીયા) પ્રા. લી. (કોઠારા-મુલુંડ), માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા (કોઠારા-મુલુંડ) (કેપીટલ રેડલાઈન્સ), શ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) સાંધવ-ઘાટકોપર, માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા (વારાધ્ધર-મુલુંડ) (ટીએમટી હોલીડેઝ, બબલ ગમ), શ્રી શૈલેષ સુધાકર યાજ્ઞિક (વાશી-નવી મુંબઈ), માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી લોડાયા (મા ઓમ પરિવાર) (આરીખાણા-મુલુંડ), શ્રી પારસભાઈ પદમશી મૈશેરી (રાપરગઢવારી-ઘાટકોપર), શ્રી ચમનલાલ દુર્લભજી મુળીવાલા (સુરેન્દ્રનગર-સાયન) (ઉર્વી એકઝીમ), શ્રીમતી કલ્પનાબેન શામજી નરશી દંડ (સાંધવ-મુલુંડ), શ્રી મુલજી નરશી પોલડીયા (બાયઠ-વડાલા) (સીનીયર ગ્રુપ ઓફ કંપની), શ્રી અરવિંદ લાલજી લોડાયા (વારાપધ્ધર-ગાંધીધામ), શ્રી હંસરાજ વિરજી વિકમશી (વારાપધ્ધર-ડોંબિવલી), માતુશ્રી લલિતાબેન કેશવજી ઘરમશી (રંગપુર-મુલુંડ) (પલક શીપીંગ), શ્રી કરશન રતનભાઈ સાધાર-(શેરડી) (શ્રી અરવિંદ મંડપ એન્ડ ડેકોરેટર્સ) પરિવારોએ લીધો હતો.

તા. ૯ સવારે ૮ કલાકે "કન્યાદાન એ મહાદાન." સાબિત કરતું પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું. જેનું ઉદ્‌ઘાટન શ્રી ગુલાબ ધનજી દંડ અને અરવિંદ લાલજી લોડાયાએ કર્યું હતું. કન્યાદાનની વસ્તુઓનું પ્રદર્શન જોવા સૌ કોઈ ઉમટ્યા હતા. અને ઉમંગભેર દરેક વસ્તુઓ નિહાળી હતી.

સવારે ૯ કલાકે વરરાજાઓનો વરઘોડો વાજતેગાજતે નીકળ્યો હતો. બેન્ડપાર્ટીઓ અને ઢોલ-શરણાઈના સૂરો વચ્ચે વર-કન્યા પક્ષનાં જાનૈયા માનૈયાઓ નાચ્યા-ઝુમ્યા હતા. લગ્ન માંડવે પધારેલા જાનૈયા-માનૈયાઓને પણ સત્કારવામાં આવેલ. સવારે ૯.૩૦ કલાકે કન્યાઓને સમુહમાં પસ ભરાવવાની વિધી થઈ હતી. અને કન્યાઓને પણ વાજતે-ગાજતે મુખ્ય હોલનાં ગેટ પાસે લઈ જવામાં આવેલ. જયાં વરરાજાઓને પોંખવાની વિધી પહેલાં વર-કન્યાએ એકબીજાને હારતોરા કર્યા હતા.

લગ્ન માંડવે સંગીતમય સૂરો-ઓરકેસ્ટ્રા અને સુગંધમય વાતાવરણ વચ્ચે વર-કન્યાનાં હસ્તમેળાપ થયા હતા. પૂ મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.એ ૨૭ નવકાર શ્રવણ કરાવ્યા હતા. લગ્ન ચોરીની સંપૂર્ણ વિધિ અબડાસાના પ્રખ્યાત ગોર મારાજ શ્રી વિનોદભાઈ વ્યાસે કરાવી હતી. લગ્ન મંડપે લગ્નગીતોની રમઝટ માંડવીની સુલતાન મીર એન્ડ પાર્ટીએ બોલાવી હતી.

બપોરે બે વાગે સત્કાર અને અભિવાદન સમારોહનું મુખ્ય મહેમાન પદ મધ્યપ્રદેશનાં નાણામંત્રી શ્રી રાઘવજીભાઈ સાવલાએ જ્યારે અતિથિવિશેષ પદ શ્રી જયંતભાઈ સોની, ચીમનભાઈ મોતા પારસ મૈશેરી, ચીમનભાઈ મોમાયા, લોકેશજી કાવડીયા, કલ્પેશ ધરમશી, શાંતિલાલ મોમાયા, પ્રફુલ્લભાઈ નાગડા અને ગુલાબભાઈ દંડે શોભાવ્યું હતું.

રાઘવજીભાઈ સાવલાનું સન્માન ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈન, જયંભાઈઓનીનું સન્માન ગ્રુપ ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલે, પારસ મૈશેરીનું કિરણભાઈ દંડે, ચીમનભાઈ મોતાનું અરવિંદ લોડાયાએ, ચીમનભાઈ મોમાયાનું લબ્ધી મોમાયાએ, મહાવીર ઈન્ટરનેશનલ ઉપાધ્યક્ષ શ્રી લોકેશજી કાવડીયાનું પ્રવિણભાઈ લોડાયાએ, કલ્પેશ ધરમશીનું પ્રબોધ મુનવરે, શાંતિલાલ મોમાયાનું વિપુલ પટેલે, પ્રફુલ્લ નાગડાનું ચંદ્રેશ છેડાએ ગુલાબભાઈ દંડનું નાનજીભાઈ નાગડાએ સન્માન કર્યું હતું.

સ્વાગત પ્રવચન કરતાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈને જણાવ્યું હતું કે, સમાજનાં ઉત્કર્ષ માટે અમારૂં ગ્રુપ કાર્ય કરી રહ્યું છે. કન્યાઓને કન્યાદાનમાં સંપૂર્ણ ઘર વસાવી આપવામાં આવે છે. સમુહલગ્નનાં દાતાશ્રીઓ અને કન્યાદાનનાં દાતાશ્રીઓની અંતરની ભાવનાઓને બિરદાવી હતી.

ઉપસ્થિત સમાજ આગેવાનોનાં વરદ્ હસ્તે સમુહલગ્ન-૨૦૧૨ 'સ્મૃતિ સંભારણું' બુકની વિમોચન વિધી કરવામાં આવી હતી.

ગ્રુપ દ્વારા સમાજમાં વિશિષ્ટ યોગદાન આપવા બદલ શ્રી પ્રબોધ એચ. મુનવર, શ્રી ચંદ્રેશ વી. છેડા, શ્રી તેજપાલ ડી. નાગડા (તેજ), શ્રી ચીમનલાલ ડી. મોમાયા, શ્રી શામજીભાઈ દંડનું વિશિષ્ટ સન્માન સમારોહ અધ્યક્ષ મધ્યપ્રદેશનાં નાણામંત્રી શ્રી રાઘવજીભાઈ સાવલા વરદ્ હસ્તે કરવામાં આવેલ અને તેઓની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી તેઓશ્રીને સન્માનપત્ર મંત્રીશ્રીનાં વરદ્ હસ્તે અર્પણ કરવામાં આવેલ.

કન્યાદાન દાતાના જયંતભાઈ સોનીનું તથા ગાંધીધામનાં કર્મઠ કાર્યકરો જેઓશ્રીએ સમુહલગ્ન માટે રાત દિવસ સતત મહેનત કરી તેવા અરવિંદ લોડાયા, મહેશ લાલકા, લબ્ધી મોમાયાનું સન્માન મંત્રીશ્રીનાં વરદહસ્તે કરવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં સમાજના આગેવાન શ્રી ચીમનભાઈ મોતાએ જણાવ્યું હતું કે, સમાજને જોડવાનું મજબૂત કાર્ય શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ કરી રહેલ છે. આ ગ્રુપ સમાજને એકજુથ રાખે છે. સતત પ્રવૃત્તિઓને વિકસાવવા પરિશ્રમ કરે છે. સમુહલગ્ન એટલે શાંતિજિન અને શાંતિજિન એટલે જ સમુહ લગ્ન, ગ્રુપનાં સમુહલગ્ને, સમાજવાસીઓનાં હૃદયમાં અનેરૂં સ્થાન મેળવ્યું છે. આ પ્રવૃત્તિઓ વધુ મજબૂત બને, તેવી શુભેચ્છાઓ આપી હતી.

મહાવીર ઈન્ટરનેશનલ ઉપાધ્યક્ષ શ્રી લોકેશજી કાવડીયાએ જણાવ્યું હતું કે, સાધર્મિક ભક્તિ કેવી હોય તે અહીં જોવા મળી. ગ્રુપે જે કામ કર્યું છે, તે પ્રશંસનીય છે. દરેક કાર્યને સફળતા મળે તેવી શુભેચ્છાઓ આપી હતી.

કન્યાદાનનાં મુખ્ય દાતા શ્રીમતી સીમાબેન લબ્ધીકુમાર મોમાયાનું સન્માન વિજયાબેન લોડાયાએ, ભાગચંદ ડી. જૈન પરિવારનું શ્રી વિરેન્દ્ર લોડાયાએ, ભચીબાઈ ધનજી દંડ પરિવારનું ભદ્રીકભાઈ મૈશેરીએ, મે. એકઝીમ ટ્રાન્સ ટ્રેડ ઈન્ડીયા પ્રા. લી. નું ખુશાલ મૈશેરીએ, દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયાનું જયાબેન મુનવરે, પારસ પદમશી મૈશેરીનું પ્રવિણ મોતાએ, કલ્પનાબેન શામજી દંડનું મીનાબેન નાગડાએ, અરવિંદ લોડાયાનું વીરચંદ ખોના, હંસરાજ વિરજી વીકમશી પરિવારનું મનોજ ખોનાએ, કરશન રતનભાઈ સાંધારનું વિપુલ પટેલે સન્માન કર્યું હતું.

શ્રી આર. આર નાગડાનું સન્માન શ્રી જયેશભાઈ જૈને, શામજીભાઈ દંડનું પંકજ દંડ તેમજ ધીરજ છેડા 'એકલવીર'નું સન્માન રાઘવજીભાઈ સાવલાએ કર્યું હતું.

પ્રસંગ અનુરૂપ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં શ્રી લબ્ધીકુમાર મોમાયાએ જણાવ્યું હતું કે, નિયાણી તમારા ઘરની લક્ષ્મી છે. અમારા ઘરમાં ગૃહલક્ષ્મી આવી છે ત્યારે અમે સમાજસેવક બન્યા છીએ. અવગુણો ભૂલીને ગુણોને યાદ કરવા જોઈએ. કન્યાદાન કર્યું એ કન્યાઓનાં આશિર્વાદથી કર્યું છે. નિયાણીઓનાં અંતરનાં આશિર્વાદ છે. આપનાં ઘરે આવેલી નિયાણી હવે આપનાં ઘેરની લક્ષ્મી બની ચૂકી છે. નવદંપતિઓને મંગલ આશિર્વાદ આપ્યા હતા.

સમારોહનાં મુખ્ય મહેમાન અને અધ્યક્ષ શ્રી રાઘવજીભાઈ સાવલાએ જણાવ્યું હતું કે, સમુહ લગ્ન ઘણાં થાય છે. પણ

આ સમુહલગ્ન ખરેખર અદ્‌ભૂત છે. આવા સમુહલગ્ન ક્યાં પણ જોવા મલતા નથી. જે સમાજમાં ભામાશા હોય છે તે સમાજ આગળ વધે છે. સમાજ અને દેશને આગળ વધારનારા ભામાશાઓની અતિ જરૂરત છે. કચ્છી દશા ઓશવાલ સમાજે એક અલગ ક્વોલીટી ઉભી કરી છે. ઝુકાવનારા બનો... દુનિયા ઝુકી જશે... ક્વોલીટી એવી બનાવી દયો કે ૩૨ હજારની વસ્તીવાળો સમાજ દેશ અને રાજ્યને નવો માર્ગ બતાવે તેવી શુભેચ્છાઓ સાથે સમુહલગ્નની પ્રવૃત્તિને બિરદાવી આયોજકોને અભિનંદન આપ્યા હતા.

ઉપસ્થિત સમાજનાં આગેવાનો સર્વશ્રી ખુશાલભાઈ ઘરમશી, શામજીભાઈ દંડ, લક્ષ્મીચંદ પોલડીયા, આર. આર. નાગડા, કુસુમકાંત નાગડા, સોમચંદ નાગડા, મુલચંદ મોતા, કુલીનકાન્ત લુઠીયા, નિરંજન લોડાયા, ભરત વિકમશી, ચંદ્રેશ છેડા, મધુકાન્ત શાહ, કિશોરભાઈ સાંયા, માણેકજીભાઈ ભેદા, ભરત જીવાણી, મહેશ ગોસ્વામી મધુરીબેન લોડાયા-મસ્જીદ, દમયંતીબેન લોડાયા-ઘાટકોપર, માલતીબેન સોની, કવિતાબેન ઘરમશી-મુંબઈ-માટુંગા, દિનેશ લોડાયા-મુલુંડ, જયેશ દંડ-મુલુંડ, મિતેશ ઘરમશી-ગાંધીધામ, હરીશ લાલકા-ગાંધીધામ, યોગેશ પોલડીયા-ભાંડુપ, નવીન લાલકા-અમદાવાદ, નેણશીભાઈ દેઢીયા-મુંબઈ, કીરીટ છેડા (મસ્જીદ બંદર), ડો. ચેતન દંડ (નાલાસોપારા) રાયપુરથી હરીશભાઈ લોડાયા, મીલન મૈશેરી, યોગેશ મોમાયા, નિતેશ મૈશેરી, ધમતરીથી ભુપેશ શીયાડ, સોમ ઘરમશી, મોતીચંદ ખોના, જાલનાથી નરેન્દ્રભાઈ દંડ, કલકત્તાથી નવિન લોડાયા ડોંબિવલીથી નલીન પીર તથા સમાજનાં આગેવાનોને પુષ્પગુચ્છથી સત્કારાયા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રી ધીરજ છેડાએ એકલવીરે, જ્યારે આભાર દર્શન શ્રી પ્રબોધ મુનવરે કર્યું હતું.

છેલ્લે, રજાની વિધિનો કાર્યક્રમ યોજાયો હતો. ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈને કન્યાઓનાં વડિલોને શીખ આપી હતી કે, અમારી દીકરીને હવે તમારી દીકરી ગણજો... અને કન્યાઓને શીખ આપી હતી કે, સાસુ-સસરાને માતા-પિતા સમજીને લાગણીઓ વધારજો. વિદાય ગીત સાથે સૌની આંખો ભીંજાઈ ગઈ હતી. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપનાં કાર્યકરોએ જમાઈઓને સોનાની વીંટી અને ઘડીયાલ પહેરાવ્યા હતા. છેલ્લે રજાની વિધિ સમયે કન્યા પક્ષનાં વડીલોએ વરપક્ષનાં વડીલોને કન્યા સોંપીએ છીએ તેવું કહી પાનેતર, કળશીયો, વાટકી-લાડુ હાથમાં સોંપી હવે અમારી દીકરીને સંભાળજો તેવું કહી લગ્ન દરમ્યાન કોઈ ભૂલ-ચૂક રહી ગઈ હોય તો એ બદલ ક્ષમા કરશો એવું કહ્યું હતું.

સમગ્ર વ્યવસ્થામાં પ્રવિણ લોડાયા, પ્રબોધ મુનવર, લબ્ધિભાઈ મોમાયા, અરવિંદ લોડાયા, મહેશ લાલકાએ દિવસ રાત મહેનત કરીને સમુહલગ્નને સફળ બનાવેલ. લાઈટ વ્યવસ્થામાં વિજયભાઈ મુનવરે તથા પાણી વ્યવસ્થામાં દિપકભાઈ ખોનાએ સહકાર આપ્યો હતો.

શ્રી લબ્ધીભાઈ મોમાયા તથા જયાબેન મુનવરે વરપક્ષનાં વડીલો ગુલાલ છાંટી રજાની વિધી કરી હતી. કન્યાઓ પિયરવાસીઓને ભેટી ત્યારે લાગણીસભર દ્રશ્યો સાથે સૌની આંખો અશ્રુથી ભીંજાઈ ગઈ હતી. કન્યા પોતાનાં ભાવિ સાથે સસુરાલની વાટ પકડી હતી. શ્રી શાંતિનાથ દાદાજી, શ્રી વાછરાદાદા અને શ્રી ભલારાદાદાનો જયઘોષ કરવામાં આવેલ.

વર-કન્યાની લગ્ન નોંધાણીના ફોર્મ તથા ડોક્યુમેન્ટસ શ્રી કેતન લોડાયા તથા અરવિંદલોડાયાએ તૈયાર કરાવ્યા હતા.

સમગ્ર સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશ જૈન, ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલનાં માર્ગદર્શન હેઠળ ગ્રુપનાં મહામંત્રી શ્રી કિરણ દંડ, વિપુલ પટેલ, સોમચંદ નાગડા, પ્રવિણ મોતા, વીરચંદ ખોના, રતીલાલ ધ્રોળ, ભરત ખોના, કેતન દંડ, જયેશ લાલકા, હિતેશ પટેલ, મનોજ ગાલા, પંકજ દંડ, વીરચંદ પટેલ, ખુશાલ પટેલ, ભગુભા ગોહિલ, મહેશ નાગડા, ચેતન ખોના, નીતીન ઘરમશી, વિપુલ ઘરમશી, અરૂણ સૌમૈયા, પુરબાઈ લોડાયા, મીના નાગડા, વિજયાબેન પટેલ, જયાબેન મુનવર, ગુણવંતી મોતા, અમિતા મોમાયા, દીનેશ લોડાયા, જ્યોત્સના દંડ, નાનજીભાઈ નાગડા, ગૌરવ વિસરીયા, કીરીટ લોડાયા, વિરેન્દ્ર લોડાયા, લલીત લોડાયા, ગીતાબેન લોડાયા, મંગલ લાલકા,હર્ષદ ગાંધી, ચેતન લોડાયા, હિરાચંદ ધ્રોળ ધવલ લોડાયા, હરીશ લોડાયા, લક્ષ્મીચંદ લોડાયા, ચેતન ગોર, સાગર લાલકા, કલ્પેશ લાલકા, પ્રકાશ લાપસીયા, મનોજ ખોના, ભદ્રીક મૈશેરી ભુજ, વિપુલ લાલકા, શાંતિલાલ લાલકા, રાજેશ લોડાયા, વિપુલ લોડાયા, ખંડવાથી લક્ષ્મીચંદ દંડ, નિમેષ મોતા, હિરેન લોડાયા, ભરત લોડાયા, દિનેશ મોતા, ભુપેન્દ્ર ડાઘા, જયાબેન સોની, ધનબાઈ લાલકા, કલ્પના લોડાયા, કસ્તુરીબેન લોડાયા, વિમલાબેન મૈશેરી, વિધાતા મોતા, કૃપા ગાંધી, તેમજ કચ્છી દશા ઓશવાળ જૈન યુવક મંડળના ગાંધીધામના કાર્યકર ભાઈ-બહેનો તથા સર્વે કાર્યકરોએ જહેમત ઉઠાવેલ. લીલાશા કુટીયા, આદીપુરનાં સર્વે ટ્રસ્ટીગણનો ખાસ આભાર માનવામાં આવેલ. તા.૭-૧૨-૨૦૧૨ના સવારે ગાંધીધામ સ્ટેશને નવકારશીનો લાભ શ્રી લબ્ધીભાઈ ભવાનજી મોમાયાએ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા, ભાગ લેનારા નવયુગલો તેમના વાલીઓ, સહયોગીદાતાઓ, જ્ઞાતિ મહાજનો/સંસ્થાઓ, જ્ઞાતિના અગ્રણીઓ, કાર્યકરો અને જ્ઞાતિજનોના સર્વે સહૃદયે આભારી છીએ.

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ**

| જયેશ જૈન | ગોવિંદજી પટેલ | કિરણ દંડ, પ્રબોધ મુનવર |
|---|---|---|
| (અધ્યક્ષ) | (ઉપાધ્યક્ષ) | (મંત્રીઓ) |

## વતનની સર્વાંગી વિકાસ ગાથા – પ્રગતિશીલ દાયકો

- પ્રા. સૂર્યકાંત ભટ્ટ

ક્યારેક આપત્તિ પણ આશીર્વાદમાં પલટાઈ જાય છે. કચ્છમાં સૂકો દુષ્કાળ, ક્યારેક પુર, વાવાઝોડાં, તીડની આપત્તિ અને ભૂકંપના આંચકાઓ અવારનવાર આવતા રહ્યા છે. છતાં કચ્છી માડુઓનું ખમીર અને સાહસિકતાની ભાવનાને કોઈ આંચ આવી નથી.. કચ્છીઓ સતત બમણા સાહસથી નિસર્ગ સામે પણ લડતા રહ્યા છે. આપત્તિઓનો હસતા મુખે જોરદાર સામનો કરવો એ તો કચ્છી પ્રજાના લોહીમાં વણાયેલી બાબત છે. ગુજરાત રાજ્યનો વિસ્તારની દષ્ટિએ **સૌથી મોટો જીલ્લો કચ્છ** છે. હાલે વસતી **વીસ લાખને** આંબી જવા પામી છે.

છેલ્લા દસ વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે કચ્છની કૃષિ, ઉદ્યોગ, આરોગ્ય, સિંચાઈ, પ્રવાસન, શિક્ષણ, નર્મદા યોજના આદિના વિકાસક્ષેત્રે ઉમદા કાર્યો હાથ ધરી કચ્છ જીલ્લાની કાયાપલટ કરી છે.

### કૃષિક્ષેત્ર અને પશુપાલન :

કચ્છના ખેડૂતોને ખેત ક્ષેત્રના વિકાસ માટે કૃષિ મહોત્સવો દ્વારા કૃષિ સંશોધનોથી સ્થળ પર વાકેફ કરવામાં આવે છે. ઇ.સ. ૨૦૦૫થી સેંકડો તજજ્ઞોએ કચ્છના ખેડૂતોને અદ્યતન કૃષિની માહિતીથી વાકેફ કરી ઉત્પાદન વધારવા પ્રોત્સાહિત કર્યા છે. ૩૯૧૫૫ કિટસ વિતરીત કરવામાં આવી છે. ૧૯૭૪૧ હેક્ટરમાં ડ્રીપ ઈરીગેશન કરનાર ખેડૂતોને ૮૬ કરોડ રૂપિયા અપાયા છે જેનો ૭૦૬૯ ખેડૂતોએ લાભ લીધો છે. કચ્છમાં ૧,૮૯,૮૪૫ ખેડૂતોને **સોઇલ હેલ્થ કાર્ડ** અપાયા છે. કચ્છમાં છેલ્લા એક દાયકામાં કપાસ, કઠોળ, મગફળી, ઘઉં, જીરું, બાજરીના વાવેતર વિસ્તારમાં સરેરાશ ૧૧૫ ટકા અને ઉત્પાદન વૃધ્ધિ ૭૬ ટકાથી વધુ થઈ છે.

| ઉત્પાદન | વર્ષ ૨૦૦૧માં વાવેતર વિસ્તાર | વર્ષ ૨૦૧૨માં હાલે વાવેતર |
|---|---|---|
| કપાસ | ૩૬,૦૦૦ હેક્ટર | ૭૫,૦૦૦ હેક્ટર |
| મગફળી | ૫૮,૦૦૦ હેક્ટર | ૬૭,૦૦૦ હેક્ટર |
| ઘઉ | ૧૨,૦૦૦ હેક્ટર | ૨૫,૦૦૦ હેક્ટર |
| બાજરી | ૧,૯૧૯ હેક્ટર | ૨,૮૭૮ હેક્ટર |
| જીરૂ | ૨,૮૪૩ હેક્ટર | ૮,૮૦૧ હેક્ટર |

કચ્છમાં ખારેક, પપૈયા, દાડમ આદિ બાગાયત પાકોમાં મબલખ વધારો છેલ્લા દસ વર્ષમાં જોવા મળ્યો છે.

કચ્છમાં કેરીનું વાવેતર ઇ.સ. ૨૦૦૧માં ૧૨૦૧ હેક્ટરમાં હતું. ઉત્પાદન ૧૨૭૩૦ ટન થયું. જ્યારે ઇ.સ. ૨૦૧૦માં વાવેતર ૩૮૦૭ હેક્ટરમાં થયું. જ્યારે ઉત્પાદન ૩૩,૩૮૫ ટન થવા પામ્યું છે. ખારેક, પપૈયા, દાડમ તથા શાકભાજીના ઉત્પાદનમાં ઉત્તરોતર વધારો થયો છે.

| પાકનું નામ | વર્ષ ૨૦૦૧-૦૨ | | વર્ષ ૨૦૧૧-૧૨ | |
|---|---|---|---|---|
| | વિસ્તાર હેક્ટર | ઉત્પાદન મે. ટન | વિસ્તાર હેક્ટર | ઉત્પાદન મે. ટન |
| ખારેક | ૮,૯૭૩ | ૫૩,૮૩૮ | ૧૬,૬૯૩ | ૧,૨૩,૬૯૫ |
| પપૈયા | ૩૮૦ | ૯,૫૦૦ | ૨,૩૩૫ | ૨,૫૨,૦૧૭ |
| દાડમ | ૧૫૯ | ૯૭ | ૧,૪૭૫ | ૨૩,૪૨૩ |
| શાકભાજી | ૨,૪૭૪ | ૧૧,૮૧૫ | ૯,૨૭૪ | ૯૮,૫૩૯ |

કચ્છમાં હાલે ૧૫૦૦ હેક્ટરમાં ૧૨,૫૦૦ ટન તડબૂચ થાય છે. પાક માત્ર ૭૦ દિવસમાં તૈયાર થાય છે. જે વર્ષમાં બે વખત લઈ શકાય છે. હાલે તો લીલી દ્રાક્ષ, નારંગી, બોરનું ઉત્પાદન પણ વધી રહ્યું છે.

જિલ્લા મથક ભુજમાં આવેલ પશુ સંવર્ધન કેન્દ્રમાં કુલ ૪૦૦ કાંકરેજ ગાય તથા કુલ ૧૧૦ બન્ની ઓલાદની ભેંસનું સંવર્ધન કરાયું છે. અબડાસા તાલુકાના નલિયા, કેન્દ્ર ખાતે ઘેટાં-બકરાં ઉછેર કેન્દ્ર ઉત્તમ ઓલાદના પશુઓ ઉત્પન્ન કરે છે.

**કચ્છ જિલ્લામાં પશુપાલન અને ડેરી ઉદ્યોગનો વિકાસ**

| ક્રમ બાબત | ૨૦૦૦-૨૦૦૧ | ૨૦૧૦-૨૦૧૧ |
|---|---|---|
| ૧. જિલ્લાનું કુલ પશુધન | ૧૬૫૧૯૦૯ | ૧૭૦૭૨૫૧ |
| ૨. વાર્ષિક અંદાજિત દૂધ ઉત્પાદન | ૧૯૮.૩૧ ટન | ૩૪૨.૮૧ ટન |
| ૩. સરકારી અન્ય ડેરીની સંખ્યા | ૦ | ૨ |
| ૪. ડેરી દ્વારા દૈનિક એકત્ર કરાતું દુધ | ૦ | ૨,૨૫ લાખ લી. |
| ૫. ડેરી દ્વારા વાર્ષિક પશુપાલકોને ચૂકવાતું | ૦ | રૂા.૨૦૦ કરોડ |

ઇ.સ.૨૦૦૭માં ૧૮મી પશુધન વસતિ ગણતરી મુજબ કચ્છમાં ઘેટાંની સંખ્યા ૫,૭૫,૦૦૦; બકરાં ૪,૮૫,૦૦૦; ગાય ૩,૯૦,૦૦૦ તેમજ ભેંસોની સંખ્યા ૨,૨૫,૦૦૦ હતી.. રાષ્ટ્રીય ડેરી ઉદ્યોગ તથા સ્થાનિક સંસ્થાના સહયોગથી કચ્છ ડેરી માધાપરને પુનઃ કાર્યાન્વિત કરાઈ છે. આ ઉપરાંત સરહદ ડેરીની કામગીરી પ્રગતિમાં છે.

### કચ્છમાં શિક્ષણનું વિકસતું ક્ષેત્ર :

કચ્છ જિલ્લો ઇ.સ.૨૦૦૫ સુધી ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલો હતો.. ભુજમાં ક્રાંતિગુરૂ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના પ્રારંભે કચ્છની ૯ કોલેજો જોડાયેલી હતી.. આજે ૪૪ કોલેજોમાં ૧૯ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેમાં વિનયન, વિજ્ઞાન, ઇજનેરી, તબીબી, કાયદા, વાણિજ્ય, મરીન, શિક્ષણ, ફાર્મસી આદિના અભ્યાસક્રમો કાર્યરત છે. કચ્છમાં શિક્ષણનો દર ૭૧ ટકા છે.

પ્રાથમિક શાળાઓમાં બી.પી.એલ. કાર્ડધારક બાલિકાને ધો.૧માં રૂા.૧૦૦૦નું વિદ્યાલક્ષ્મી બોંડ અપાય છે. બાળા ધો. ૭ પાસ કરે ત્યારે તેને રૂા.૨૦૦૦ની રકમ મળે. કન્યા કેળવણી કચ્છમાં પણ વધતી ચાલી છે. મફત અને ફરજિયાત શિક્ષણ તરફ લોકો માનથી જોતા થયા છે.

**શિક્ષણ વિકાસની એક ઝલક**

| વિગત | ઈ.સ.૨૦૦૨ | ઈ.સ.૨૦૧૨ | થયેલ વધારો |
|---|---|---|---|
| માધ્યમિક શાળા | ૧૬૫ | ૨૫૧ | ૮૬ |
| ઉચ્ચતર માધ્યમિક શાળા | ૪૫ | ૧૧૨ | ૬૭ |
| વિદ્યાર્થીઓની સંખ્યા | ૩૭૨૨૮ | ૫૪૦૧૪ | ૧૬૭૮૬ |
| કન્યા શિક્ષણમાં વધારો(ઉ.મા.) | ૩૨૧૧ | ૬૬૩૮ | ૩૪૨૭ |
| કમ્પ્યુટર સુવિધા | ૦ | ૧૬૧ | ૧૬૧ |
| સરકારી શાળાઓ | ૪૨ | ૯૪ | ૫૨ |
| આર.ઓ. પ્લાન્ટ | ૧૭ | ૨૪૨ | ૨૨૫ |

**કચ્છમાં આરોગ્ય સુવિધા :** સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ શાખા દ્વારા વિવિધ આરોગ્ય યોજનાઓ કચ્છમાં અમલી બની છે. જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના આદિ ચિરંજીવ યોજનાઓનો સુચારુ અમલ કચ્છ જિલ્લામાં થઈ રહ્યો છે. ઈ.સ.૨૦૦૫-૦૬થી ચિરંજીવ યોજના મુજબ ૨૨૯૩૫ મહિલાઓની પ્રસૂતિ ખાનગી દવાખાનાઓમાં કરવામાં આવી છે. ૨,૪૦,૭૧૧ બાળકોને રસીકરણ કરાયું છે. ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા ૫૪૭૯૫ દર્દીઓને તાત્કાલિક સારવાર અપાઈ છે.

**પાણી, વીજળી અને રસ્તા વિકાસ :** ઈ.સ.૨૦૦૧માં કચ્છમાં ૨૭૫ ગામોને ટેન્કરો દ્વારા પાણી અપાતું. આજે ટેન્કર સંપત્તિ સમાપ્ત થઈ છે. કચ્છમાં નર્મદાના પાણીથી ૮૦૧ ગામો અને ૬ શહેરોને જોડવામાં આવ્યા છે. નખત્રાણા તાલુકાના ૭૯ ગામોને રૂા.૪૧ કરોડના ખર્ચે ડિસેમ્બર ૧૨માં નર્મદાના નીર મળશે. ૧૩૨.૬૭ કિ.મી.ના ઘડુલી-સાંતલપુર માર્ગને લીલી ઝંડી અપાઈ છે. કચ્છમાં ઈ.સ.૨૦૦૧માં વીજલાઈન ૧૬૨૫૬ કિ.મી. હતી અત્યારે ૨૫૨૧૨ કિ.મી. છે. ૧૦૦૭૮ ટ્રાન્સફોર્મરો હતા હાલે ૨૪૦૭૪ છે. ગ્રાહકો ૨૭૯૫૪૭ હતા જે વધીને ૪૫૭૮૧૯ છે. **જ્યોતિગ્રામ યોજના, સોલાર સીસ્ટમ, વિન્ડફાર્મ,** વિદ્યુત યોજનાઓ અમલી બની છે.

**કચ્છમાં ઔદ્યોગિક વિકાસ :** ભૂકંપ બાદ કરમાફી તથા નિયોજકોને અત્રે આકર્ષવાની સરકારી યોજનાઓને કારણે કચ્છમાં ચોમેર લઘુ ઉદ્યોગો તથા મોટા ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો છે. લિગ્નાઈટ, બોક્સાઈટ, જીપ્સમ, સોલ્ટ, અકીક આદિ કુદરતી ખનિજની વિપુલ સંપત્તિને કારણે કચ્છ જિલ્લામાં ઉદ્યોગો વિકસતા જ રહ્યા છે. મુખ્યત્વે સિરામિક, રસાયણ, ઓટોમોબાઈલ્સ, સિમેંટ, ઈલેક્ટ્રોનિક્સ ગુડઝ, મરીન ગુડઝ વિકસ્યા છે.

| ક્રમ | જિલ્લામાં લઘુ ઉદ્યોગો | રોકાણ | રોજગારી |
|---|---|---|---|
| ૧. | ઈ.સ.૨૦૦૧-૪૭૮૩ | રૂા.૬૫ કરોડ | ૨૬૪૮૩ |
| ૨. | મધ્યમ મોટા પ્રોજેક્ટ ઈ.સ.૨૦૦૧માં ૩૨ | રૂા.૩૪૧૬ કરોડ | ૪૬૪૧ |
| ૩. | પ્રવર્તમાન લઘુ એકમો ૨૧૯૮ | રૂા.૬૧૯.૩૫ કરોડ | ૨૦૮૮૧ |
| ૪. | પ્રવર્તમાન મધ્યમ મોટા પ્રોજેક્ટ ૩૩૨ | રૂા.૧૪૬૭૦ કરોડ | ૯૨૩૨૭ |

જિલ્લામાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં ૧૪ માન્ય થયા છે. કંડલા, મુન્દ્રામાં કાર્યરત છે.

**કચ્છમાં વિકાસ ક્ષેત્રે અવનવા આયોજનો :**

કચ્છ જિલ્લામાં સૂરજબારીથી લખપત સુધી ૪૦૫ કિ.મી. લાંબી દરિયાઈ પટ્ટી પર ૭૪ મત્સ્ય કેન્દ્રોમાં ઉદ્યોગ વિકસી રહ્યો છે. ગરીબો માટે **સરદાર પટેલ આવાસ યોજના** તથા **આંબેડકર આવાસ યોજના** હેઠળ ગરીબી રેખા હેઠળના ૮૧૨૨ લાભાર્થીને મફત પ્લોટ અપાયા છે. વંચિતોના વિકાસ માટે સમાજ કલ્યાણ ખાતું અનેક રીતે ઉપયોગી બનવા પામ્યું છે.

**નર્મદા અને પ્રવાસન ક્ષેત્રે અવનવું :**

વરસાદની અનિશ્ચિતતા ખ્યાલમાં રાખી સિંચાઈ ક્ષેત્રે નર્મદાના પાણી ઉપલબ્ધ કરાવવા ૩૬૦ કિ.મી. જમીનને પાણી પૂરૂં પાડશે. કચ્છ, ગુજરાત **પ્રવાસનનું હબ** બન્યું છે. કચ્છ કાર્નિવલ, રણોત્સવો દ્વારા માત્ર ભારત જ નહિં, વિદેશીઓને ખૂણે ખૂણેથી આવકારવા, આકર્ષવા કચ્છ સામર્થ્ય ધરાવે છે. આમ છેલ્લા દાયકાથી કચ્છનો સર્વાંગી વિકાસ દૃષ્ટિગોચર થઈ રહ્યો છે અને હજી વધુ વિકાસની સંભાવના છે. ***("મંગલ મંદિર"માંથી સાભાર)***

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676





## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ"ની અમૃતવાણી... (૧૫)

*- સોમ ઘરમશી* (કચ્છ)

*પાયણ મિંજા પ્રતિમા કેં, ઉન ઘડીંઘલ કે જી*
*પણ પુજીંઘલ પાયણ ભનેં, તાં તેંસેં પુજાણું કીં?*

*(શબ્દાર્થ : ઘડીંઘલ = બનાવનાર (અહિંયા અર્થ શિલ્પકાર) (ઘડનાર)*

**ભાવાર્થ :** જિંદગીની માર્મિકતાને બે પંક્તિમાં રજુ કરવાની કલા શ્રી તેજને સિધ્ધહસ્ત છે. તેનો સંગીન પૂરાવો ઉપરની પંક્તિનાં ઉંડાણમાંથી મળે છે.

એક નાનકડી વાર્તા, ઉપરની પંક્તિની સાર્થકતા અને તેની પાછળ રહેલ સંદેશ સમજાવવા અહીં પ્રસ્તુત છે.

મંદિરના નિર્માણનું કાર્ય ચાલતું હતું. ત્યાં કામ કરતા મજુરોને કોઈએ સવાલ કર્યો "શું કરો છો" પ્રથમ મજૂરે કહ્યું "જોતા નથી, પથ્થર તોડું છું" બીજા મજૂરે કહ્યું "પેટિયું રળવા મહેનત કરું છું. પથ્થર તોડું છું" જ્યારે ત્રીજા મજૂરે કહ્યું "પથ્થર માંથી ભગવાનની સુંદર મૂર્તિ કંડારી રહ્યો છું." કામ બધાનું એક જ હતું પણ તે તરફ જોવાની ભાવના અલગ અલગ હતી. પથ્થરમાંથી મૂર્તિ ઘડનારને બીરદાવતાં કવિ કહે છે કે જે પથ્થરમાંથી સુંદર મુર્તિ ઘડે તેને મારા નમન છે કારણ કે તે પુરા મનનાં ભાવોથી મૂર્તિને કંડારે છે. આડકતરી રીતે ઈશારો કરે છે કે જે કાંઈ પણ કાર્ય કરો તેમાં મન લગાડી તેને સર્વશ્રેષ્ઠ બનાવો. ગીતાજીમાં પણ શ્રી કૃષ્ણે કર્મવાદનાં સિધ્ધાંતો સમજાવતાં કહ્યું છે કે ।। યોગઃ કર્મસુ કુશલમ્ ।। યોગથીજ કર્મ કરેલું કાર્ય કુશલ શ્રેષ્ઠ બને છે.

સાથે સાથે કવિની વેધક નજર સુંદર મૂર્તિઓને પુજનારા પથ્થર દિલ બને છે તેવા માનવીઓ તરફ અંગુલીનિર્દેશ કરે છે. સંવેદના ગુમાવી બેઠલો આ જિંદગીની રમત પર આટાપાટા રમતો રઘવાયો માનવી પથ્થર જેવો કઠોર બને છે તેને કેવી રીતે પહોચવું? તેની વિમાસણમાં સરી પડે છે.

ઈશ્વર મોટો સર્જનહાર-શિલ્પકાર છે. તેનાં રૂપકડાં સર્જનો મનભાવન હોય છે. માનવી આ સર્જનોનો આનંદ લેવા વખાણવાનાં બદલે નિષ્ઠુર બનતો જાય છે તેની ચિંતા કવિને સતાવે છે.

ચાલો, કવિનાં સંદેશાને આત્મસાત્ કરી પાષાણ હૃદયમાંથી સંવેદનાની ગંગા-જમના વહેવડાવીએ.

## "પ્રકાશ-સમીક્ષા" સાપ્તાહિકના જાહેરખબર દરમાં વધારો અને અગોતરી ચુકવણી કરવા અપીલ

*સતત વધતા જતાં પેપરના દરો, પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ મજુરીના દરના કારણે પ્ર.સ.ની સમિતિને સપ્તાહના ₹૬૦૦૦૦/- (રૂપિયા સાઈઠ હજાર પુરા) ના ખર્ચ બજેટને પહોંચી વળવા જા.ખ. દરમાં વધારો કરવાનો નિર્ણય લેવો પડયો છે. એ નિર્ણય મુજબ તા.૧-૧-૧૩થી નવા દર નીચે મુજબ રહેશે.*

| સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|
| આખું પાનું | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | ૨,૫૦૦ | ૧,૨૫૦ |

*આ ઉપરાંત જાહેરખબર દાતાઓના પેમેન્ટ સમયસર આવતા નથી. એમાં પણ જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, એકમો અને વ્યક્તિગત આપેલી જાહેરાતના પેમેન્ટ મોકલવામાં ૬થી ૮ મહીનાના અને કોઈક કિસ્સામાં દોઢેક વરસ સુધી વિલંબ કરતા આવે છે. જે સમગ્ર રકમ દોઢથી બે લાખ જેટલી થવા પામે છે. અને એથી પ્રકાશ-સમીક્ષા સમિતિના સભ્યોએ બેંકમાં રોકડા જમા કરાવવા પડે છે. જેમાંથી કાગળના અને પ્રિન્ટિગના બીલો ચુકવાય છે. જે ઉઘરાણી બાકી છે તેની યાદી પ્રમાણે વર્ષ ૨૦૧૦ સુધી ₹૩૬,૦૦૦/- વર્ષ ૨૦૧૧ના ₹૩૫,૦૦૦/-, વર્ષ ૨૦૧૨ના ૩૧ માર્ચ સુધી ₹૨૧,૦૦૦/- અને ૨૦૧૨ ૧ એપ્રિલથી અત્યારસુધી ₹૮૭,૫૦૦/- મળી કુલ્લે ₹૧,૭૯,૫૦૦ થાય છે. આ અનુભવથી જાહેરખબરની આગોતરી ચૂકવણી ફરિજીયાત બનાવાની ફરજ પડી છે તેની નોંધ લેવા વિનંતિ.*

*- "પ્રકાશ-સમીક્ષા" સમિતિ*


**RAKESH MANEK SHAH** (B.Com.)
**L.I.C. OF INDIA**
(Z.M. Club Member)
M. 98929 75789 M. 9969827742

**KETAN MANEK SHAH** (D.M.T.T. B.Com.)
**BIRLA SUN LIFE INSURANCE**
(DIAMOND CLUB MEMBER)
M. 9870482425, M. 9869116655

# શ્રી તેકુલાઘુ જૈન યુવક સંઘ

કાર્યાલય : C/o. શ્રી નરેન્દ્ર શામજી દંડ, ૧૬, શાંતિભુવન, ત્રીજે માળે,
રેલ્વે સ્ટેશનની સામે, મુલુંડ (૫), મુંબઈ-૮૦. ફોનઃ ૨૫૬૪૭૫૭૨

**તેરા** **કુવાપધ્ધર** — **સ્નેહમિલન** — **લાખણીયા** **ઘુફી**



## સ્નેહભર્યું આમંત્રણ



તેરા-કુવાપધ્ધર-લાખણીયા-ઘુફી ગામના જ્ઞાતિજનોનો સ્નેહમિલન રવિવાર **તા.૬-૧-૧૩** ના શેઠ શ્રી નરશી નાથા એ.સી. હોલ, ભોંયતળિયે, અનંતસિધ્ધિ, ભાંડુપ, મુંબઈ સ્થળે યોજેલ છે. તો આપ સૌ ભારતભરમાં વસતા ગામવાસીઓ તથા નિયાણી બહેનોને, સહકુટુંબ પધારવા સ્નેહભર્યું આમંત્રણ આપીએ છીએ.

### ✱ કાર્યક્રમ રૂપરેખા ✱

| | | | |
|---|---|---|---|
| સવારે | ૮ થી ૧૧ | : | શ્રી જયંત રાહીના શિષ્ય **શ્રી હર્ષ દેઢિયા** દ્વારા નવકાર મંત્ર જાપ |
| સવારે | ૧૧થી ૧૨.૩૦ | : | સમુહ ક્ષમાપના શેઠ નરશી નાથા હારારોપણ, આગામી ચાર્તુમાસની ચર્ચા, તપસ્વી બહુમાન વગેરે |
| બપોરે | ૧ થી ૨.૦૦ | : | પ્રિતી ભોજન |
| બપોરે | ૨ થી ૫ | : | સાંસ્કૃતિક કાર્યક્રમ : સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ, નાટક, લોકનૃત્ય, Instrumental સંગીત વગેરે વગેરે, “નચ બલીયે” કાર્યક્રમ માટે ઉત્સુક જોડીઓને સૌ. કવિતા હેમંત ઘુલ્લાનો સંપર્ક કરવા વિનંતી મો.૯૬૧૯૩૧૨૩૧૩ |
| સાંજે | ૫ થી ૬.૦૦ | : | ચૌવિહાર |
| સાંજે | ૬ થી ૮.૦૦ | : | રાસ ગરબા |

**નોંધ :** ૧) અઠાઈ કે તેથી વધુ તપના આરાધકોના નામ તેમજ ધોરણ ૧ થી આગળ પરિક્ષામાં ઉચ્ચ ગુણાંકે પાસ થયેલ વિદ્યાર્થીઓના પરિણામની નકલ **તા.૧૫-૧૨-૨૦૧૨** સુધી કાર્યાલયમાં આપવા વિનંતી.

૨) આમંત્રણપત્ર સર્વે ગામવાસીઓને કુરિયર મારફત મોકલેલ છે તેમ છતાં ન મળ્યું હોય તો આ આમંત્રણપત્ર સમજીને જરૂરથી પધારશોજી.

૩) આપણાં ગામનાં સ્નેહમિલન કાર્યક્રમને સફળ કરવા ઉદારદિલથી ફાળો નોંધાવવા નમ્ર વિનંતી.

-: નિમંત્રક :-

**શ્રી તેકુલાઘુ જૈન યુવક સંઘ વતી**
**સમસ્ત કમીટીના મિચ્છા મી દુક્કડં**

## ઇતિહાસ-પ્રકાશ : ઓશવાલોની ઉત્પત્તિ

*- શ્રી મેઘજી વેલજી મોતા*

ભારતીય પુરાતત્વ ખાતા તરફથી, મોહેં-જો-ડેરો, હરપ, નાલંદા, તક્ષશીલા, સાંચી, બેલગામ, સારનાથ, મથુરા, અમરાવતી વગેરે સ્થળોએ થયેલા ખોદકામથી જે સાહિત્ય પ્રાપ્ત થયું છે, તેમાં નગર-નિર્માણ, ચિત્રકલા, સ્થાપત્ય શિલ્પવિદ્યામાં ભારતીય સંસ્કૃતિએ કરેલી પ્રગતિથી જગતભરના પુરાતત્વવિદોએ સાનંદાશ્ચર્ય અનુભવ્યો છે. પ્રાગૈતિહાસિક સમયમાં ભારતે જે પ્રગતિ કરી તેની તોલે જગતની કોઈ સંસ્કૃતિ આવી શક્તી નથી જો કે આજ દિશામાં થયેલા પ્રયાસો બહુ જ મર્યાદિત છે. આ ઉપખંડસમા દેશની સંસ્કૃતિની તવારીખના શ્રૃંખલાબધ્ધ ઇતિહાસ માટે આનાથી અનેકગણા વિપુલ પ્રમાણમાં પ્રયાસની આવશ્યકતા છે. જગતના કોઈપણ સંસ્કારી દેશ પોતાની પૂર્વના તવારીખની કડીબધ્ધ ઈતિહાસ માટે ઉત્સુક હોય છે. બલ્કે કોઈ પણ દેશ પોતાના ભૂતકાળથી વંચિત રહીને પ્રગતિ કરી શકતો નથી. છેલ્લા સૈકામાં થયેલ સંશોધનથી ભારતના ઇતિહાસની જે તવારીખ જાણવામાં આવી છે તે અદ્‌ભૂત અને રોમાંચક છે. સંશોધન જેમ વધતું જાય છે તેમ જનતાની ઈતિહાસ પ્રત્યેની રૂચી અને ઉત્કંઠા વધતી જાય છે. જ્ઞાતિ ઈતિહાસને માટે પ્રથમ સંમેલનમાં ઠરાવ કરીને આપણા જ્ઞાતિબંધુઓએ **ઇતિહાસની** ઉત્કંઠા જાહેર કરી છે.

વ્યાપાર, ઉદ્યોગ, રાજકારણ, શૌર્ય, ઉદારતા, દાનવીરતા, વૈભવ અને ધનિકતાથી ઓશવાળ જ્ઞાતિ નાની હોવા છતાં હિંદમાંની અગ્રગણ્ય જ્ઞાતિઓમાં સ્થાન ભગવે છે. સાધારણ રીતે ઓશાવાળોને માનની નજરે જોવાય છે.

અન્ય દર્શનીયો, તેમજ હિંદમાં આવી સ્થિર થએલી પરદેશી પ્રજાઓને જૈનધર્મી બનાવવાના પ્રયાસો હજારો વર્ષથી થતા આવે છે. ખાસ કરીને ક્ષત્રિયો કે રજપુતોને જૈનધર્મી બનાવવાના પ્રયાસોમાંથી હાલની જ્ઞાતિઓની ઉત્પત્તિ થઈ છે.

ભાટ, ચારણો અને યતિઓના ચોપડે ઓશવાળોની ઉત્પતિ વિષે નીચે મુજબની હકીકતો સંગ્રાહેલી છે. શ્રી હિરાલાલ હંસરાજના શ્રી જૈન ગોત્ર સંગ્રહ નામક પુસ્તકમાં પૃષ્ઠ ચોત્રીસ પર "શ્રી વીરપ્રભુ પછી બાવન વર્ષ વિત્યા બાદ શ્રી પાર્શ્વનાથજીથી છઠ્ઠે પાટે ઉપકેશ ગચ્છમાં શ્રી રત્નપ્રભસૂરિજી આચાર્ય પદ પર આવ્યા, ત્યારપછી તેઓ અઢાર વર્ષો વિત્યા બાદ એટલે શ્રી પ્રભુથી સીત્તેરમે વર્ષે મારવાડમાં આવેલી ઓશીયા નગરીમાં પધાર્યા. ત્યાં તેમણે ચામુંડ રાય આદિક એક લાખ એંસી હજાર રજપુતોને એટલે ક્ષત્રિઓને પ્રતિબોધીને જૈન કર્યા અને તે ઓશ્યા નગરીના નામ પરથી તેમની જ્ઞાતિનું નામ **ઓશવાળ** પાડ્યું. શ્રી રામલાલજી ગણીએ એમની મહાજન વંશ મૂકતાવલી પૃષ્ટ ત્રણ પર **"સબસે પહલે મહાજન"** ૧૮ ગોત્ર ઓસિયા પટ્ટણસે પ્રગટ ભયે, યે પટ્ટણ વિક્રમ સંમ્બતકે પહેલે ચારસે વર્ષ કે કરીબ વસા થા, જીસકા કારણ ઐસા હુઆ શ્રી ભીનમાલ નગરીકા રાજા પરમાર ભીમસેન કે પુત્ર ૩, બડા ઉપલદેવ, છોટા આસપાલ ઓર આસ ઉપલદેવ રાજકુમાર ઉહડ, ઉધરણ દે ત્રીઓકો સંગ લે દીલ્હી કે શાહંશાહ સાધુનામ મહારાજકી આજ્ઞા લે ઓશીઆ પટ્ટણ નગર બસાયા. રાજાકી રક્ષાસેં ચારો વર્ણ કે કરીબ ચાર લાખ ઘર બસ ગયે, જીસમેં સવાલાખ ઘર તો રાજપુત કે થે..." અને ત્યારબાદ શ્રી હીરાલાલ હંસરાજના શ્રી જૈન સંગ્રહમાં લખેલ મતલબની હકીકતનો સંગ્રહ કર્યો છે. ભોજક લોકોના ચોપડામાં ઓશવાલોની ઉત્પતિ બીયું બાવીસ (સં.૨૨૨) માં થયેલી એવું લખ્યું છે.

ઉપરના લખાણો વિશ્વનીય જણાતા નથી કારણ કે ઇતિહાસની કસોટી પર એમનું સમર્થન ક્યાંય મળતું નથી. તેમાંથી નીચે મુજબ વિચારીએ :

૧) વીરાત પછી સી-તેર વર્ષ કે વીરાત્ હજાર વર્ષ સુધી ઉપકેશ ગચ્છમાં કોઈ રત્નપ્રભસૂરી કરીને કોઈપણ મુનિ થયાની નોંધ નથી. ૨) ચાર લાખ ઘરની વસતીવાળા નગરની કે જેમાં લાખો જૈન વસતા હોય તો તેની નોંધ સમકાલીન જૈન ગ્રંથોમાં કે અન્ય દર્શનીય ગ્રંથોમાં થવી જ જોઈએ. તેને બદલે વિક્રમની પાંચમી શતાબ્દિના અંત સુધી (વીરાત ૧૦૭૦) નાં એક હજાર વર્ષના ગાળામાં લખાયેલ અન્ય દર્શનીય ગ્રંથોમાં પરદેશી મુસાફરોની નોંધમાં કે પુસ્તકોમાં, જૈન ગ્રંથોમાં કે પટ્ટાવલીઓ કે પ્રશંશઓમાં કોઈપણ ઠેકાણે નોંધ નથી. ૩) પરાક્રમી પુરૂષોના, પ્રશસ્તિના કે મંદિરોના કોઈ શીલાલેખમાં, ઓશવાલ વંશની ઓશીયા નગરીની કે તેના રાજવંશની તે પછીના હજાર વર્ષનાં ગાળામાંમાં કોઈ શીલાલેખ, સ્તૂપ કે તામ્રપત્ર મળતા નથી.

ઓશવાલ વંશના શીલાલેખો ઘણા ઉપલબ્ધ થયા છે પણ વિ. સં. એક હજાર પહેલાનો એક શીલાલેખ હજી ઉપલબ્ધ થયો નથી. છતાંય બીજા મળતા અનેક પુરાવામાંથી નીચે ત્રણ આપ્યા છે. જેમાથી ઓશવાલોની ઉત્પત્તિ વિષે નિર્ણય કરીશું. ૧) શ્રીમાન ટોડે રાજસ્થાનનો ઇતિહાસમાં રાવ તુનોટના પૌત્ર રાખેમાના ઉત્તરાધિકારીઓ ઓશવાલ થયાની નોંધ લીધી છે. (પૃ. ૩૨૧), (૨) મૂળરાજ સોંલકીના વખતમાં (વિ. સ. ૯૯૮-૧૦૪૩) શ્રી ચંદ્રમુનીએ કથાકોષ નામના કાવ્યની રચના આણહીલપુર પાટણના વતની પ્રાગ્વટ (પોરવાડ) વંશના ગોષ્ટિ (પટી) સજજનના પુત્ર કૃષ્ણના કુટુંબીઓ માટે કરી હતી એમ તેમણે એ ગ્રંથમાં લખ્યું છે (આપણા કવિઓઃ ખંડ ૯૦૧ પૃષ્ટ ૪૨) (૩) આચાર્ય ગીરજાશંકર વલભજીએ ગુજરાતના ઐતિહાસિક લેખો ભાગ-૧ માં જોગીઆમાંથી ઇ. સ. ૫૩૯-૪૦ના ધ્રુવસેન પહેલાના મળેલ તામ્રપત્ર (દાનપત્ર) પર વિવેચન કરતાં દાન લેનાર બ્રાહ્મણો સ્કંદત્રાત તથા ગુહમાનને નાગર બ્રાહ્મણ કહ્યા છે. ઉપર જણાવેલી હકીકતો જેમાં સુપ્રસિધ્ધ જ્ઞાતિઓ નાગર બ્રાહ્મણ, પોરવાડની હકીકત પરથી આપણે ઓશવાલોની ઉત્પત્તિ નિસંકોચે વિક્રમની **સાતમીથી આઠમી શતાબ્દિની** વચ્ચે થઈ હશે એવું કહી શકીશું.

*("પ્રકાશ"ના માર્ચ ૧૯૫૦ અંકમાંથી)*

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

**INTERESTING ANECDOTES**

Many years ago, president Spyros Skouras of 20th century - Fox film Corporation was inspecting a- million dollar theatre-a weak link of his chains. He arrived at the theatre at 11 am and found no one there except a young usher. `where is the manager'? Skouras asked, without identifying himself. `He is not in yet' said the usher. `Where is the assistant manager?' `He is not in yet either.' `Who runs the theatre when the manager and assistant manager are not here?' "I run the theatre", said the usher. "From now on you are the manager"; said Skouras.

**PROVERBS ARE LAMPS TO LIFE**

1) He conquers who endures

2) Better are the blows of a friend than the false kisses of an enemy

3) There is no time like the present,

4) The last key in the bunch is often the one to open the lock.

**AMAZING FACTS**

People who belong to Orang Sakya, a tribe living in Mergui archipelago of Burma grow younger the longer they live! A child born in this tribe is regarded as 60 years old on its first birthday. Every following year the age is decreased till it comes to zero. If life prolongs beyond zero, the person is given a bonus of ten years, which again may be worked at the old diminishing rate. The tribal believe that this system allows the people to grow young with elegance while piling up wisdom over the years. ****the Todays who live in the Nilgiris Blue mountains in Tamilnadu are as old as any of the ancient people of India. They have been living in a noise free environment for many centuries without mixing with the rest of the population in the hills. This has helped they to possess better hearing than people living in the cities and towns. Even the older people among the Todas have hearing within normal limits.

**AMAZING FIGURES**

1) The world's largest NA TRAJA(Dancing Shiva) idol made of Pancaloha eve metals) stands at the Shri Natrajar Dhyana Sabha in Neyveli (Tamilnadu), South India. the 10 feet high indol weighs 2400 kg.

2) The 37.5 crore high tech copier plant at Modipur in Rampur district of Uttar Pradesh,is one of the five such factories in the world It has facilities for every operation in the making of xerox machine of various capacities. 3)A manufacturer at Sydney in Australia has made a bed with an area of over 280 sq. feet and 81 legs. Fifty eight people can sleep on the largest bed in the world

**IT IS UP TO YOU**

One song can spark a moment
One flower can wake a dream.
One tree can start a forest,
One bird can herald spring.
One smile can begin a friendship
One hand clasp can lift a soul,
One star can guide a ship at sea
One word can frame a goal
One sunbeam lights a room
One candle can wipe out darkness
One laugh can conquer gloom
One step must start each journey
One word can start each prayer.
One hope can raise our spirits
One touch can show your care
One voice can speak wisdom
One heart can know what is true
One life can make the difference
It is up to you.

**TODAY'S WORD**

Today's word is **`The amazing world of animals'.** Make as many words from this group of words and send it to MRS NEELAM DALESH MOMAYA. The longest word list wins the prize. This week's prize goes to Master Kunal K. Shah for being the only participant for the word `the atmospheric pressure of Planet Venus' Congratulations KUNAL. Keep it up. Next time for for newer words. It will boost your vocabulary.

## રાપર વાસ યુથ ફોરમ
દ્વારા આયોજિત
## એક દિવસીય પિકનિક
સ્થળ : કુમાર રિસોર્ટ (લોનાવલા)
તારીખ : ૬/૧/૨૦૧૩
પ્રવાસ ખર્ચ : રૂપયે ૬૦૦/-
વ્યક્તિ દીઠ (બે ટાઇમ જમણવાર સાથે)
આ પિકનિકનો આનંદ યુવાનો તથા વડીલો સહુ માણી શકે છે.
નામ નોધવવાની છેલ્લી
તારીખ ૨૫/૧૨/૨૦૧૨
**નામ નોંધવવા માટે સપર્ક કરો.**
વૈભવ મૈશેરી :- ૮૦૮૦૯૦૭૦૧૬
દર્શના છેડા :- ૮૨૯૧૬૮૩૧૬૬
ફોરમ લાલકા :- ૯૯૬૯૦૮૪૪૯૬


## ભૂવાશ્રીની ગંધી બદલાવવાનો કાર્યક્રમ

વરાડીયા (કચ્છ) મધ્યે બીરાજમાન દંડ **પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈમાં**ના ભૂવા શ્રી મણીલાલ જેઠાભાઈ દંડની ગંધી બદલાવવાનો કાર્યક્રમ ચૈત્ર સુદ ૧૫ ને **ગુરૂવાર તા.૨૪-૪-૨૦૧૩**ના વરાડિયા મુકામે રાખેલ છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકોને પધારવા આમંત્રણ છે.

## લગ્નસંબંધી

નવયુવક, વય ૩૨ વર્ષ, ઉંચાઈ ૫'-૧૧", નુખ **લોડાયા**, શિક્ષણ ૧૨ (કૉમર્સ, અંગ્રેજી) સ્વતંત્ર વ્યવસાય સંપન્ન-નાનું સુખી પરિવાર, તાલિનાડુના મોટા શહેરમાં વ્યવસાય કરનાર માટે કન્યા જોઈએ છે. સાધારણ પરિવાર પણ સંપર્ક કરે. કન્યા ઘરકાર્યમાં કુશલ, ધાર્મિક અને સંસ્કારી જોઈએ.

**સંપર્ક : એમ.કે. ઘરમશી, ગોંદિયા (મહારાષ્ટ્ર)**
**ફોન : 07182-236949, મો. 09764002913**

## FEATURES OF FANCY

### LIFE

Sometimes I ponder on this enigmatic word LIFE
Is it fun, frolic, friends or husband son 'n' wife?

Is it the way I look, smile, laugh and dress?
Or is it about my mental capabilities and the way I handle stress.

Is it about the money in my pocket and the fame I have earned?
Or is it about me, my conscience and the devil in me.
that I've tried to burn.

"Live your life to the fullest" this I've seemed to understand,
Enjoy it before it runs away and slips from your hand!!!

### Captive: - The feelings of a circus bear

They spank and make me dance all day in the sun
All- elders and children have a great deal of fun,
But no one notices the plight of mine
And no one see's how much to myself I'm crying
Ho, ho, ha, ha how beautiful, how nice
I want to leave but, I have no choice
My beautiful coat of fur turning black and blue
I want to go in the forest through and through
Now I get to eat only potatoes and cheese.
I'm waiting for the day the trainer dies
There will be only happiness and no painful cries
I'll then be with my brethren and family
But right now I'm back to my moment of agony.

### DAD

He is a man who will love and care
He will come to protect you from your nightmare.
He has got an aura that will always blare
And my bad habit, you be beware!
He'll protect you from dawn to dusk
And he's the one who you can always trust.
At times I make him mad
At times I make him sad
When he is next to me I feel glad
And affectionately I call him dad.

***- Naitik Dushyant Lapsiya*** (Pune) ***Age 13***

## જીવન-પ્રકાશ : ભાવના બદલો-ભાવિ બદલાઈ જશે

*- ડૉ. રશ્મિભાઈ ઝવેરી*

ગમે તેવા સંયોગોમાં પણ સુખી અને સમતામય રહેવું એ આપણા હાથની વાત છે અને માટે અનુપ્રેક્ષાની ભાવનાથી મનને ભાવિત અને પ્રશિક્ષિત કરવું જરૂરી છે. જૈન ધર્મમાં મૂળ ૧૨ અનુપ્રેક્ષાઓ અને એમની પુષ્ટિમાં બીજી ચાર અનુપ્રેક્ષાઓનું વર્ણન આવે છે. આ બાર અનુપ્રેક્ષાઓ છે. અનિત્ય, અશરણ સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રય, સંવર, નિર્જરા, ધર્મ, લોકસ્વરૂપ અને બોધિદુર્લભ. બીજી ચાર અનુપ્રેક્ષાઓ છે : મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ.

અનુપ્રેક્ષાની ભાવના મનુષ્યના જીવનમાં વિવેક જગાડે છે, કષાયો રાગ-દ્વેષને ઉપશાંત બનાવે છે. દુર્લભ મનુષ્ય ભવને સફળ બનાવવાની પ્રેરણા આપે છે. એક ચિત્રઃ એક માણસ યુવાન છે. તંદુરસ્ત છે. ભણેલો છે. સારા પગારની નોકરી મળી છે. પ્રેમાળ પત્ની અને સમજુ બાળકો પણ છે.

એ સવારે ઊઠે ત્યાં સુધી એની ઊંઘમાં ખલેલ ન પહોંચે તે માટે ઘરના બધા સાવચેત રહે છે. ઉઠતાંની સાથે છાપું, બાથરૂમ આદિ પર એનો પ્રથમ હક હોય છે. એનો નાસ્તાનો, ચાનો, તૈયાર થવાનો બધાનો સમય સાચવી લેવામાં આવે છે. બધી બાબતોમાં એને પ્રાથમિકતા મળે છે. ઓફિસે જવા નીકળે એટલે એના હાથમાં ઓફિસની બેગ, રૂમાલ, મોટરની ચાવી આદિ હાજર જ હોય છે. ઓફિસેથી પાછા આવે ત્યારે ચા-નાસ્તો તૈયાર હોય છે. ટીવી પર એની પસંદગીની ચેનલ શરૂ થાય છે. સમયસર 'ડીનર' તૈયાર થઈ જાય છે. આમ, દરેક બાબતમાં ઘરના માલિકની દરેક જરૂરિયાતોનું ઘરના દરેક સભ્ય ચીવટાઈપૂર્વક ધ્યાન રાખે છે.

હવે બીજું ચિત્ર : વર્ષો વીતી જાય છે, એની યુવાની જતી રહે છે. નોકરીમાંથી પણ નિવૃત્ત થવું પડે છે. ઘેર બેસવાનો વારો આવે છે. હવે પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું છે. સમીકરણો બદલાઈ ગયાં છે. પુત્રો કમાતા થઈ ગયા છે. પૌત્રો શાળાએ જતાં થઈ ગયાં છે.

રાત્રે ટીવીની છેલ્લી સિરિયલ જોઈ મોડેથી સૂઈ જનારી અને સવારના મોડેથી ઊઠનારી પુત્રવધુઓ રઘવાઈ થઈ પતિ અને સંતાનોનો સમય સાચવવામાં પડી છે. વૃધ્ધ પત્ની બીમાર રહે છે. ત્યારે નિવૃત્ત થયેલા, એક વખતના કમાતા-ધમાતા ઘરના માલિકની શી દશા થાય છે? સવારે ચા માગે તો પુત્રવધૂ કહેશે, "અત્યારે તમારા માટે ચા બનાવવાનો સમય ક્યાં છે? તમારા પુત્રને ઓફિસે જવાનું અને છોકરાઓને શાળાએ જવાનો સમય અમારે સાચવવાનો છે. જ્યારે પરવારીશ ત્યારે ચા બનશે."

દાદાજી બાથરૂમમાં જવા જાય ત્યાં નાનો પૌત્ર એની પહેલાં બાથરૂમમાં ઘૂસી જઈ કહેશે કે 'દાદાજી, મને શાળાએ જવાનું મોડું થાય છે; તમારે ક્યાં કશે જવાનું છે?" છાપું માંગશે તો જવાબ મળશે કે એ તો તમારા પુત્ર વાંચે છે, તમે પછી વાંચજો. જે જે કામો માટે એને પ્રાથમિકતા મળતી એ બધામાં હવે એને કોઈ દાદ નથી આપતું, કોઈ ગણકારતું નથી અવગણના થાય છે.

આખા દિવસમાં કોઈને એની પાસે બેસીને વાત કરવાની ફુરસદ નથી. આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે એ વૃદ્ધ પાસે બે વિકલ્પો હોય છે. પ્રથમ વિકલ્પ એવાં માણસનું છે, જેણે જિંદગીમાં ક્યારેય સત્સંગ નથી કર્યો, સદ્વાંચન નથી કર્યું અને અનુપ્રેક્ષાની ભાવના સમજવાનો પ્રયત્ન નથી કર્યો. પરિસ્થિતિ સાથે બદલાવાનું નથી શીખ્યો. એ વૃદ્ધ આવી અવગણના સહન નથી કરી શકતો, આખો દિવસ બળાપો કાઢ્યા કરે છે. અરે, આખી જિંદગી તમારા માટે વૈતરું કર્યું તેનો તમે આવો બદલો આપો છો? કડવાં વેણ કહી સમસ્ત ઘરનું વાતાવરણ કડવું ઝેર જેવું કરી નાખે છે.

સ્વયં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં રહી પાપકર્મ બાંધે છે અશાંત વાતાવરણમાં દુઃખી થઈ જાય છે. જેથી તનથી અને મનથી ભાંગી જાય છે. જીવનમાં ઘોર નિરાશા, હતાશા, માનસિક સંતાપ અને દુઃખનો અનુભવ કરે છે.

આનાથી વિપરીત એક માણસે જીવનમાં સત્સંગ, સદ્વાંચન અને અનુપેક્ષાની ભાવનાથી મનને ભાવિત કર્યું છે. ઉપર જણાવેલી પરિસ્થિતિમાં એનાં વિચાર, વાણી અને વર્તણૂક કેવા હશે? સવારે ઊઠતાંવેંત ચા ન મળે તો એ વિચારે છે કે બરાબર છે. આખી જિંદગી તો નવકારશી વગેર તપ નથી કર્યું. હવે અનાયાસે સમય અને તક મળ્યાં છે.

પુત્રવધુને કહેશે 'અરે કંઈ વાંધો નહીં બેટા! હવેથી હું નવકારશી કરીશ એટલે બધા કામોથી પરવાર્યા પછી જ મારા માટે ચા બનાવજો." બધા વાંચી લે પછી છાપું હાથમાં આવે તો વિચારશે કે મારે શી ઉતાવળ છે? હું સવારે એક સામાયિક કરીશ. પછી આરામથી છાપું વાંચીશ. આવી નિરાંત તો જીવનમાં ક્યારેય માણી નથી. પછી એક પછી એક અનુપ્રેક્ષાની ભાવનાઓ યાદ કરી આનંદમાં રહે છે. એ સમજે છે આ બધા સંબંધો અનિત્ય છે. સંસારનો આ નિયમ છે કે સ્વાર્થ વગર કોઈ કોઈનું થતું નથી. અરિહંત, સિધ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ સિવાય અન્ય કોઈ


**જોઈએ છે**

કોઈમ્બતુરમાં એકલા રહેતા માયાળુ બહેનની સાથે રહી રસોઈ, ઘરકામ કરી શકે એવા બહેન જોઈએ છે.
**સંપર્ક : ગુણવંતીબેન શાહ ફોન 0422-2443695**



**લગ્નસંબંધી**

અમેરીકાથી ટુંક સમય માટે આવતા B.E. (Com.) મુંબઈ, MBA (Fin.) USA, 1982 Born, ઉં. ૬'-૦" HIB Viza ધરાવતા વેલસેટલ યુવક માટે સુશિક્ષિત કન્યાના વડીલો સંપર્ક આવકાર્ય. M-09820285079, 09820064008

શરણ નથી. સૌથી વધુ તે એકત્વ ભાવનામાં આનંદોલ્લાસની લહેરમાં મસ્ત બની રહે છે. નાનપણમાં શાળામાં શીખેલા કે "એકડે એક અને બેકડે બેય. બે મળે ત્યાં વિવાદ-કંકાસ થવાનો જ. મને તો અનાયાસે એકત્વ ભાવનામાં ભાવનાનો અમૂલ્ય અવસર મળ્યો છે." એ જાણે છે કે એકલતા (Loneliness) એ ઠોકી બેસાડેલી દુઃખદ પરિસ્થિતિ છે, પણ એકત્વ (Solitariness) તો જીવનનું અમૃત છે. એટલે એને એકલતા સાલતી નથી, પણ એકત્વમાં આનંદે છે. (Loliness is thrust upon you while solitariness is what you seek). દુનિયાની બધી ભૌતિક ચીજો અને દુન્યવી સંબંધોને એ પોતાનાથી પોતાના આત્માથી ભિન્ન માનીને અન્યત્વ ભાવના ભાવે છે. આ અશુચિમય-નાશવંત શરીર પણ મારૂં નથી, તો આ બધા સંસારનાં સંબંધો મારા ક્યાંથી થશે? શરીરમાં રોગ પીડા ઉત્પન્ન થાય તે તો મારા પોતાના જ કરેલા અશાતા વેદનીય કર્મનો ઉદય છે, તો એ શાંત ભાવે સહન કરીશ. પછી આધ્યાત્મિકતાની ત્રણ ભાવના આશ્રવ, સંવર અને નિર્જરા ભાવતાં ભાવતાં એ સમતામય બની શાંત સુધારસમાં તરબોળ થઈ જાય છે.

ધર્મભાવના હૃદયમાં ઊતરી ગઈ હોવાથી સમયનો સદુપયોગ કરી ધાર્મિક કાર્યોમાં ઉપાસના, સામાયિક, પૂજા, સત્સંગ, આદિમાં ચિત્ત પરોવે છે. લોકસ્વરૂપનું ચિંતન કરે છે. મનુષ્યભવની તથા સંબોધિ-સમ્યકત્વની દુર્બળતા પર બોધિ દુર્લભ ભાવના ભાવે છે. એ ચિંતન કરે છે કે "આવો દુર્લભ માનવનો જન્મ મળ્યો છે અને આવો સુંદર નવરાશનો સમય મળ્યો છે એનો સર્વોત્તમ ઉપયોગ કરી મારાં ભવોભવનાં કર્મ ખપાવી આત્માની શુદ્ધિ કરવાનો આ અણમોલ વખત છે."

પોતાના ઘરના જ નહીં, સંસારનાં બધાં પ્રાણીઓ સાથે મૈત્રીભાવ રાખે છે. ગુણીજનોના ગુણને યાદ કરી પ્રમુદિત થાય છે એ ઘરના પ્રત્યેક વ્યક્તિના ગુણને મેગ્નિફાઈ કરે છે. એમની સાથે મીઠાશથી વાત કરીને ઘરના નાનાં મોટાં કામોમાં યથાશક્ય મદદ કરી ઘરનું વાતાવરણ આનંદ-પ્રમોદમય બનાવી દે છે. પોતે સુખથી રહે છે અને ઘરના બધા પણ ચેનથી રહે છે. દુઃખી, દીન, અભાવગ્રસ્ત, રોગી, હતભાગી લોકો પ્રત્યે કરૂણાથી એનું હૃદય આર્દ્ર બને છે. અંતમાં બધી જ પરિસ્થિતિમાં મધ્યસ્થ-તટસ્થ ભાવ રાખી ધીમે ધીમે "સંવૃણુ માયાજાલં" દુનિયાની જજાળની માયાજાળને સંકેલવા તરફ લક્ષ આપે છે. આમ, આ સોળ ભાવના જીવનને સમતામય, શાંતિમય અને આનંદમય બનાવે છે.

***('જૈન પ્રકાશ' માંથી સાભાર)***


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



**Since 1984...**

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

**ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.**

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જૂના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ


## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જશાપર

**ગામમાં નૂતન અતિથીગૃહ નિર્માણ માટે મહાજનશ્રીની અગત્યની મીટીંગ**

સર્વે જશાપર ગામવાસીઓ "જય જિનેન્દ્ર"

રવિવાર **તા.૬-૧-૨૦૧૩**ના બપોરે ૩.૩૦ થી ૬ દરમ્યાન મુલુંડમાં જનરલ મિટીંગ રાખેલ છે. તો સર્વે ગામવાસીઓને પધારવા વિનંતી છે.

સભા સ્થળ : **બાલાજી હોલ (ગોપુરમ હોલ)**
પુરૂષોત્તમ ખેરાજ એસ્ટેટ, જ્ઞાનસરીતા સ્કૂલ પાસે,
મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૮૦.

સંપર્ક :

**હીરેન ઘરમશી - 09819655254**

**ગૌતમ ઘરમશી - 09869121666**

નોંધ : પ્રકાશ-સમીક્ષાના ગતાંકમાં જિનાલયની ધ્વજા મહોત્સવની તા.૨૭-૧-૧૩ના બદલે બુધવાર ૨૭-૨-૧૩ છે. મહા વદ બીજના ધ્વજા રાખેલ છે. જે સુધારીને વાંચવા વિનંતી.

## શબ્દો શોધો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૩અ | | ૪ |
| | | | | ૫ | | | | | |
| ૬ | | | | | | ૭અ | | ૭ | |
| | | ૮ | ૮અ | | | ૯ | | | |
| ૧૦ | ૧૧અ | | | | ૧૧ | | | | |
| | | | ૧૨ | | | | | ૧૩ | |
| | ૧૪ | | | | ૧૫ | | ૧૫અ | | |
| ૧૬ | | | | | | | ૧૭ | | ૧૭અ |
| | | ૧૮અ | | ૧૮ | | | | | |
| | | | | | | | | | |

**આડી ચાવીઓ :** ૧) સધ્ધર, પૈસાદાર, ૨) દરરોજનું રોજનું, ૫) ગળ્યું ગળપણ, ૬) સડક પૂરવાનો પત્થર એના ટુકડા, ૭) વિણ, વગર, ૮) પર્વતની તળેટીની પ્રદેશ, ૯) બદામી રંગની ગાય, ૧૦) અર્ક, સાર, ૧૧) સમય વખત, ૧૨) ઘડો કળશ, ૧૩) ઈંચ જેટલું, ૧૪) છાવણી મુકામ, ૧૫) આગ માંથી શું ઝરે? ૧૬) વાત કથન, ૧૭) કાયદેસર બાળકને પોતાનો કરવો, ૧૮) આખું ફાડયા વગરનું કાપડ, ૧૯) નેક દિલ, સાફ દિલ, ૨૦) મુસ્લીમ પવિત્ર મહીનો,

**ઊભી ચાવીઓ :** ૧) ભયથી થતી હૃદય કંપન, ૨) વાત સંવાદ, ૩) અડચણ અવરોધ, ૩અ) ઉજાસ ફાનસ દીવો, ૪) એક નદીનું નામ, ૫) દૂધપરનું થર, તર, ૭અ) ગુસ્સો આવવો, ચીડવું ૭) પરદેશ, ૮) રાજાનો દિકરો, ૧૧અ) સગાઈ સંબંધ, ૧૫) ઊનાળામાં લાગે, ૧૫અ) ખાડો ખોદવું તે, ૧૬) દીકરી કે દીકરાના સસરાજી, ૧૭) શબ પર ઓઢાડવાનું કપડું, ૧૮અ) દલ પર્ણ, ૧૮) ટેલીગ્રામ


"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**એમ્બ્રોઈડરીનો નવો સ્ટોક મહાવીરમાં**

- હાથ અને મશીનની રેશમભરતની ભારે પારસી સાડીઓ
- રેશમ-જરી-સ્ટોન-પીટાવર્ક-બાદલાની ભારે તૈયાર સાડીઓ
- પારસી ભરતની કુર્તીઓ
- કસબ-બટકસબની તૈયાર સાડીઓ, ઘરચોળાની બોર્ડરો.
- બાંધણી માટે ફેન્સી બોર્ડરો
- પ્લેન તેમજ ફેન્સી ડાયબલ સાડી મટેરીયલ
- રીયલ તથા ટેસ્ટેડ ઘરચોળા
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટ્રેશન વર્ક, હેન્ડવર્ક તેમજ મશીનવર્ક કરી આપશું.

ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડર અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.

**મહાવીર'સ એમ્બ્રોઈડરી**

મહાવીર કંપાઉન્ડ, સ્ટેશન પાસે, માટુંગા
ફોન : 2402 5070 / 6504 6030
મો.. 086522 39537
website : www.mahavirembroidery.in
(રવિવારે બંધ)

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**મુશ્કેલ નથી સાથીની ખોજ**

યુવાન દિલોનું દિલ ધડકે, સાથીની ખોજ એમને સતાવે. તો બનો ચિંતામુક્ત હવે. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવામાં... જ્યાં મળશે યોગ્ય પાત્રની પસંદગીનો વિશાળ ફલક... તો આજે જ આપ આપના લાડકવાયા લગ્નોત્સુક પુત્ર/પુત્રીઓનું નામ રજીસ્ટ્રેશન કરાવો.

**સંપર્ક : દિપક કારાણી**
**29674007 / 8 / 9 / 9969674905**
Registrar online on : www.asanjokutch.com/matrimonials


**લગ્નસંબંધી**

મુંબઈ-ઘાટકોપર સ્થિત નાગડા પરિવારની દેખાવડી ઉ.વ.૨૭ B.Com. LL.B. થયેલ ચોખ્ખી કુંડલીવાળી, કન્યા માટે, શિક્ષિત ખાનદાન પરિવારના મુંબઈમાં રહેતા યુવકના વડિલો બાયો ડેટા અને ફોટા સાથે રૂબરૂ સંપર્ક કરવો.

**સંપર્ક : (022) 25010032 / 09833606743**


*વગર દવાએ સરળ ઉપચારથી રજવાડીઠાઠથી જીવવાની કળા*

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

**આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે**

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
**Mob.: 9820002953 • Tel.: 022-24121234**




## પ્રકાશ-સમીક્ષાના બદલાયેલા રૂપરંગ

"પ્રકાશ-સમીક્ષા" ૮૮ વરસથી જ્ઞાતિની સેવા કરે છે. "Old is Gold" એ કહેવત અહિં સાચી ઠરે છે. પણ બદલાતા સમય સાથે હવે પ્રકાશ-સમીક્ષામાં પણ પ્રદુષણ ફેલાવવા લાગ્યું છે. પ્રકાશ-સમીક્ષા અંક ૩ થી ૯ નવેમ્બર ૨૦૧૨ના પાના નંબર ૧૩ પર ચર્ચાને ચોતરેમાં ભાઈ સોમ ધરમશી વીરાયતન (કચ્છ)નો લેખ વાંચીને પ્રતિભાવ લખું છું.

પ્રકાશ-સમીક્ષામાં કોઈ શેઠિયા વિરુધ્ધ ક્રાંતીકારી વિચાર લખવામાં આવે છે તો છાપવામાં આવતા નથી. પ્રત્યેક લેખકને જ્ઞાતિ-હિતમાં પોતાના સ્વતંત્ર વિચારો લખવાનો અધિકાર છે. પણ પ્રકાશક ન છાપે તો લેખક શું કરે? ક્યોરેક લેખને ટુંકાવીને છાપવામાં આવે છે ત્યારે શબ્દ પરિવર્તન થઈ જાય છે ત્યારે આખા લેખનું સ્વરૂપ બદલાઈ જાય છે.

પ્ર.સ. હવે ધનાઢ્ય લોકોનું મેગેઝિન બની ગયું છે એ વાત સાચી છે, કારણ ધનાઢ્ય વ્યક્તિના કાર્યક્રમના કલર ફુલ ફોટાઓ મુખપૃષ્ઠ પર છપાય છે. ગરીબ વ્યક્તિ ફોટાઓ માટે ખર્ચ કરી શકે નહીં એટલે એના કાર્યોની જાણકારી સમાચારના રૂપમાં છાપવામાં આવે છે.

૧. પ્ર.સ.માં છપાતા સંકલિત લેખો અને ટુંકી વાર્તાઓમાં દમ નથી. જ્ઞાતિમાં નવોદિત લેખકો તૈયાર કરવામાં આવે. જ્ઞાતિના લેખકોને પ્રોત્સાહન આપવામાં આવે. યોગ્ય સમયપર જાહેરમાં એમનું સન્માન કરવામાં આવે. એના લેખોની નોંધ લેવામાં આવે. ૨) ટપાલખાતાની મહેરબાનીથી સમયસર પ્રકાશ-સમીક્ષા મળતું નથી પણ મોડેથી મળે છે જરૂર. ૩) ૯૦% જ્ઞાતિજનો પ્ર.સ. વાંચતા નથી એ હકીકત છે. આજના યુવાનોને ગુજરાતી વાંચતા આવડતું નથી. અભ્યાસથી ઉંચા થાય અને સમય હોય તો પ્રકાશ-સમીક્ષા વાંચી શકેને? સ્પર્ધાત્મક યુગમાં સમયનો અભાવ છે!! ૪) તંત્રીલેખ તો ફક્ત બુધ્ધીજીવીઓજ વાંચતા હશે. બાકી ૯૦% લોકોની સમજ બહાર હશે એવું લાગે છે કારણ બહુ થોડી જગ્યાએ તંત્રીલેખ પર ચર્ચા સંભળાય છે. ૫) ઘણા લોકો ફક્ત "જીવનચક્ર" વાંચે છે. ૬) ૫૦% જ્ઞાતિજનો હેડીંગ વાંચીને છોડી દે છે, નિયમિત વાંચતા નથી, પછી વાંચશું કરીને રાખે છે અને ક્યારે તે રદ્દીમાં વેંચાય છે એની ખબર પડતી નથી. એ સાચી હકીકત છે. ૭) જ્ઞાતિમાં લેખકો-કવિઓ બહુ ઓછા છે. ગણેલા લોકોના લેખ અને કવિતા છપાય છે. આજનો યુવાનોને લખવાનો અને વાંચવાનો શોખ નથી. મનોરંજન માટે મિત્ર-સહેલી, ટી.વી., મોબાઈલ, કમ્પ્યુટર અને અનેક સાધનો છે જ્ઞાતિમાં શું થાય છે એનાથી કોઈ સરોકાર નથી. ૮) ક્રાંતિકારી વિચારવાળા લેખ હોય તો "ચર્ચાને ચોતરે"માં છાપી દેવાય છે. ૯) અમુક મહિલાઓને મહિલા-વિભાગમાં રૂચિ છે પણ એ ક્યારેક છપાય છે પહેલાં "વનિતા વિશ્વ" નિયમિત છપાતું. ૧૦) અમુક લોકો ફક્ત ગામોગામના સમાચાર વાંચવામાં રસ ધરાવે છે.

આજની તારીખમાં પ્રકાશ-સમીક્ષા લગભગ ૫૦ વરસની ઉપરના લોકો માટે છે. આ ૫૦ વરસ ખતમ થશે પછી પ્રકાશ-સમીક્ષા રહેશે કે નહીં ભગવાન જાણે?

"પ્રકાશ-સમીક્ષા" વાંચીએ, વંચાવીએ અને વધુથી વધુ લોકો વાંચે એના માટે પ્રયત્ન કરીએ.

***નાગપુર : ૪-૧૨-૧૨ સૌ. ખમા (પુનમ) પ્રફુલ મોમાયા, નાગપુર***

***(નોંધ : સદર ચર્ચાપત્રમાં કેટલાક મુદ્દાઓ વિષે પ્ર.સ. સહમત નથી. ઉઠાવેલ મુદ્દાની બીજી બાજુ પણ ઉભી રહે છે. પ્રતિભાવ આવકાર્ય.)***

## કાવ્ય-પ્રકાશ : એકમેકના પુરક

નીકળી રહ્યો આ ચાંદ તે જાણે બાપજી
ને જે અંધારા ભુંસી ગઈ તે માત રે,
લહેરાઈ રહ્યો આ પવન તે બાપજી, ખીલી રહી વનરાઈ તે માત રે
તપી રહ્યો ધગધગતો તાપ તે બાપ રે
છાંટણાં પાડ્યા અમી સમા તે માત રે
ગુલાબ પર હસી રહ્યો માંડળ તે બાપ રે
ખીલી રહી કળીની નિર્મળતા તે માત રે
ઝરમર પડી રહ્યો વરસાદ તે બાપ રે
મેઘરાજની મહેરમાં હસી રહી તે માત રે.
કળા કરી રહેલો મોરલો તે બાપજી
ઠણ ઠણ નાચી રહેલી ઢેલ તે માત રે
કેળના પાન પાછળ લજામણી તે માત રે
ને ઉડાળી રહ્યો લાજની મજાક તે બાપ રે
અડીખમ ઉભો રહી આપી રહ્યો છાંય તે બાપ રે
ને સરોવરની શીતલતામાં વસી રહી તે માત રે

***- માણેકજી કુંવરજી દંડ 'માણેક' (દલતુંગી-સાંતાક્રુઝ)***


# કચ્છમાં જમીન રોકાણ

જખૌ ગામથી માત્ર ૧ કિ.મી.ના અંતરે
NA થયેલા પ્લોટોમાં રોકાણ કરો.
પ્લોટનો ભાવ રૂા.૫૧/- ચો.ફુટ દીઠ
સંપર્ક બુકીંગ તેમજ માહિતી માટે
સંપર્ક કરો :
**08866692666 / 08866629666**

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### વડાલામાં શ્રુતજ્ઞાન પુજા

વડાલામાં શ્રી સંભવનાથ જિનાલયે પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં જ્ઞાનપંચમીની ઉજવણી શાનદાર રીતે થયેલ.. આગલા દિવસે શ્રી સંઘની બહેનોએ પૂ.સા.શ્રીની નિશ્રામાં જ્ઞાન મંડપની રચના કરેલ તેમજ જ્ઞાનના પુસ્તકોથી તેમાં શણગારવામાં આવેલ.. કારતક સુદ ૫ ને રવિવાર તા.૧૮-૧૧-૧૨ના સકળ સંઘના ભાઈ-બહેનોએ ખમાસણા આપેલ.. બાદ સૌ સમુહમાં સ્તવનોની રમઝટ જમાવેલ અને ચૈત્યવંદન કરેલ.. પૂ. સાહેબે માંગલિક ફરમાવેલ રૂા.૧૦/-ની પ્રભાવના થયેલ..

### વડાલામાં કારતકી પુનમે ભાવયાત્રા

વડાલામાં હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં કાર્તિક પૂનમ તા.૨૮-૧૧-૧૨ના શૈત્રુંજયતીર્થ પટ્ટ સમક્ષ શ્રી સંઘના ભાઈબહેનોએ સમુહમાં ૧૦૮ ખમાસણા આવેલ.. બાદ સમુહ દેવદર્શન તેમજ ચૈત્યવંદન થયેલ.. આદીનાથની જય નાદ ઉપાશ્રય ગુંજી ઉઠેલ.. સૌએ એકબીજાને "જાત્રા-સુજાત્રા પુછેલ.. આ રીતે સકળ સંઘે ગિરિરાજની ભાવયાત્રા કરેલ.. ભાતામાં લાડુ અને સેવના પેકેટ માતુશ્રી પુરબાઈ ત્રીકમજી લાલકા (પરજાઉ) તરફથી અપાયેલ.. રૂા.૫૦ના પ્રભાવના થઈ.

### "ઋણ સ્વીકાર ઔચિત્ય ઉત્સવ"

ચિ. પરિન લાજેશ ખોના (તેરા-મુલુન્ડ)ના લગ્ન નિમિતે શ્રી લાજેશ શાંતિલાલ ખોના પરિવાર તરફથી રવિ. તા.૯-૧૨-૧૨ના સવારે ૯.૩૦ કલાકે મુલુન્ડ કાલિદાસ પટ્ટાંગણમાં ઋણસ્વીકાર ઔચિત્ય ઉત્સવ ઉજવાયો.. આ અભિનવ કાર્યક્રમમાં તેમણે પરિવારનું, જ્ઞાતિ-સમાજ, સંઘ, કલ્યાણ મિત્રમંડળી અને 'ધર્મ-ગુરૂ-દેવ' તત્વનું ઋણાનુબંધનના તાંતણે રચાયેલ પ્રગતિ, સાર્થક ધન્યતાના ઉપકારોના ઋણસ્વીકારની ભાવનારૂપે તેમના વિવિધ નિમિત્તોનું પ્રતિક ભવ્ય અભિવાદન કરી બહુમાન કરાયું હતું.

માણસની પ્રગતિ-વિકાસમાં દેવ-ગુરૂ-ધર્મ સહ અનેક ઋણાનુબંધન સંબંધોનું આલંબન ઉપકારી નીવડતું જ હોય છે એ સૌ સંબંધોને પરિવારની ખુશીઓના પ્રસંગે યાદ કરીને, આમંત્રીને એક વિશેષ સમારોહમાં સન્માનિત કરીને પરિવાર, મહાજન, જ્ઞાતિ, સંઘ અને મિત્રમંડળીના ગુણ અને ઋણની અનુમોદના કરાઈ. શ્રી આશિષ મહેતા અને મંડળીના ભક્તિગીત-સંગીત સહ કાર્યક્રમ પ્રશંસનીય-અનુમોદનીય રહ્યો.. મુખ્ય કાર્યક્રમના સૂત્રધાર સ્વયં શ્રી લાજેશભાઈ શાંતિલાલ ખોનાએ પ્રસન્નતા અને ગૌરવની ભાવનાએ આભાર-અહોભાવની લાગણીઓના સ્પંદન રજૂ કર્યા..

નવયુગલે સૌને પાયવંદન કરી, પરિવાર તરફથી સંઘતિલક કરાવી, મંચપર ઋણસ્વીકારનું સન્માન કરી પ્રતિક સંભારણું અર્પણ કરાયું. સૌ સન્માનિત ભાવિકોએ ખોના પરિવારની આભાર અભિવ્યક્તિ કરી.. શ્રી મુર્તિપુજક જૈન સંઘ-મુલુન્ડ તરફથી શ્રી લાજેશભાઈ પરિવારનું બહુમાન કરાયેલ.. લગ્નનિમિતે યોજાયેલ આ અનોખા કાર્યક્રમની અનુમોદના..

### રાયપુરમાં સ્વદેશી મેળો

સામાજિક ક્ષેત્રે અનેક વર્ષોથી પ્રવૃત શ્રી પ્રવીણ મૈશેરી (રાયપુર) ના મુખ્ય સંયોજક તરિકેના આયોજન હેઠળ, ૨૧-૧૨ થી ૨૭-૧૨ સુધી સ્વદેશી મેળો રાયપુરમાં યોજ્યો છે જેમાં છત્તીસગઢ શાસનના સંસ્કૃતિ વિભાગનો સહયોગ લઈને વિવિધ પ્રતિયોગિતાઓ પણ યોજાઈ છે અને પ્રદર્શનમાં હસ્તકલા, હેન્ડલુમ, ઓટોમોબાઈલ, ટુરિઝમ, ઈલેક્ટ્રોનીક, સંદેશ વ્યવહાર ઇત્યાદિ વિકલ્પો પર સ્ટોલ રાખવામાં આવ્યા છે. આ મેળાનું ઉદ્દઘાટન છત્તીસગઢના




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

રાજ્યના મુખ્યમંત્રી ડો. રમન સિંહ દ્વારા થશે. પ્રવીણભાઈ છત્તીસગઢના વનવાસી વિકાસ સમિતિના પ્રાંત વિધિ પ્રમુખ તરિકે પણ કાર્યરત છે.સ્વદેશી મેળાની સફળતા ઇચ્છવાની સાથે પ્રવીણભાઈએ પ્રકાશ-સમીક્ષાના હાર્દિક અભિનંદન.

## લાલકા પરિવાર-વારાપધર

વારાપધ્ધરમાં લાલકા પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના નવી મુર્તિની મારબલના નુતન મંદિરમાં તા.૨૭-૧૧-૧૨ના હોમ-હવન સાથે ૨૮-૧૧નાં પ્રતિષ્ઠા કરાવાઈ. પહેડી અને સાંજે શ્રી ભલારાદાદાનો પાઠ કાર્યક્રમ સારી રીતે થયેલ. સારી સંખ્યામાં ભાવિકો પધારેલ.

મારબલનાં મંદિરનાં દાતા સ્વ. માતુશ્રી વેજબાઈ કુંવરજી લાલકા હ. હર્ષાબેન રાજેન્દ્ર લાલકા (બાંઢીયા-નેત્રા) તથા માતુશ્રી હીરબાઈ કુંવરજી લાલકા પરિવાર (વારાપધ્ધર) પહેડી પ્રસાદના દાતા : શ્રી પદમશી લખમશી (આદીપુર) શ્રી રાજેન્દ્ર કુંવરજી (નેત્રા), શ્રી કાંતિલાલ કાનજી (આદીપુર) શ્રી પંકજ પદમશી (પુના) શ્રી ખુશાલ પદમશી (ધુલીયા), માતુશ્રી ગંગાબાઈ લાલજી પરિવાર (બાંઢીયા) હસ્તે લવકુમાર. પધારેલ ભાવિકો એ પણ ફંડ લખાવેલ.

હવનમાં બેસવાનો લાભ રાજેન્દ્ર કુંવરજી લાલકા તથા તિલક કુંવરજી લાલકાએ લીધેલ.

શ્રી ભલારાદાદાનાં પાઠ માટે શ્રી કિશોરભાઈ જીવરાજ સાંયા (ભુજ) પધારેલ. અતિથીગૃહમાં શીવુભા દરબાર તેમજ દેરાસરનાં મેતાજી, પુજારી તેમજ સ્થાનીક ભાઈઓ તરફથી સાથ સહકાર મળેલ. લાલકા પરિવારે આભાર વ્યક્ત કરેલ. કાર્યક્રમની વ્યવસ્થા શ્રી રાજેન્દ્ર કુંવરજી લાલકા (નેત્રા) તેમજ શ્રી ઉમરશી ચાંપશી લાલકા (વારાપધર) સંભાળેલ. સં. ૨૦૭૦ની પહેડી પ્રસાદનાં દાતા માતુશ્રી ગુણવંતીબેન કાનજી લાલકા પરિવાર હસ્તે રાકેશભાઈ (વડોદરા)એ લીધેલ છે. સં. ૨૦૭૧ પહેડી પ્રસાદના દાતા શ્રી કાંતિલાલ કાનજી લાલકા પરિવાર (આદીપુર) લીધેલ છે.

## ભલારાદાદા દેવાલય-સુથરી

અત્રે પૂ. ભલારાદાદાના દેવાલયની ૧૯મી વર્ષગાંઠ અને ધ્વજા મહોત્સવ તા.૨૬-૧૧-૧૨ના ભાવિકોની સારી હાજરીમાં ઉજવાયું. નૂતનીકરણ કરાયેલ સંકુલનના વિવિધ લાભના દાતાઓની તક્તીઓનું અનાવરણ કરાયેલ. આ પ્રસંગે સાધર્મિક ભક્તિનો લાભ શ્રીમતિ રતનબેન મણીલાલ નાગડા પરિવાર (કોઠારા-મુલુન્ડ)એ લીધેલ.

## શીઘ્રકવિ શ્રી પ્રેમચંદ મોતા

શીઘ્રકવિ, જિંગલ્સ-સ્લોગન રચયિતા શ્રી પ્રેમચંદ મોતા (કોલકતા) હાલમાં પુના પધારેલ. સંઘના ૧૫ જણાંએ રીટઝ હોટેલમાં સાંજે એમની મુલાકાત લીધી હતી. તેઓ નાનપણથીજ કાવ્ય રચનાના શોખીન છે. લાઇફબોય, અમુલ, પરિવાર નિયોજન જેવા જાણીતા સૂત્રોના રચયિતા અને રાષ્ટ્રીય સ્પર્ધાઓના વિજેતા, અનેક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય રાજકીય નેતાઓને ચુંટણીલક્ષી સફળ પ્રચારસૂત્ર આપનારા પ્રેમચંદ મોતાએ પુના સંઘને મુલાકાત આપી હતી. તેઓ વ્યવસાયે મસાલા-તેજાનાના વ્યાપારમાં સંકળાયેલા છે. તેમનો આ બજારમાં સારો અનુભવ છે. તેમના અભ્યાસ લેખો, બજારના રૂખ અને વર્તારા 'વ્યાપાર' પત્રમાં કટારલેખ પ્રકટ થાય છે. તેઓ જરૂરતમંદોને શિક્ષણ, મેડીકલ અને સાધર્મિક સહાયતા સાથે સામાજિક ભાવનાને અજવાળે છે. નિત્ય પક્ષી ચણ અને જીવદયાની પ્રવૃતિ ઉપરાંત દર વર્ષે ૧૪ વિદ્યાર્થીઓને સંપુર્ણ શિક્ષણ સહાય એમની અનુમોદનીય-પ્રેરક લક્ષ્ય પ્રવૃતિ છે.

## અમરાવતી

કારતકી પુનમનાં શત્રુંજય પટની ભાવયાત્રા થઈ. દાદાગુરૂની પુજા ભણાવાઈ. આ નિમિતે સંઘજમણ હતું. ગુજરાતી સમાજના ઉપક્રમે સ્નેહમિલન તા.૨-૧૨ના ઉજવાયું હતું. જેમાં 'ગૂર્જન ગૌરવ'નું વિમોચન થયેલ. શ્રી મણીકાંત માણેકજી દંડ સમાજમાં સહમંત્રીપદે સેવા આપે છે. સમાજ દ્વારા રોગનિદાન શિબિર, વિદ્યાર્થીઓ અને યુવાઓને પ્રેરક માર્ગદર્શન અને બહુમુખી વિકાસ માટે પ્રવૃતિઓ થાય છે.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢ)ના સહયોગે પાલીતાણા તીર્થે ભવ્ય આરાધનામય ચાતુર્માસ, ઉપધાન તપ અને દીક્ષાપર્વ ઉજવાયા એ સુકૃતોની ભુરી ભુરી અનુમોદના....

"તન-મન" પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## વડોદરામાં જ્ઞાનપાંચમની આરાધના

શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ-વડોદરા મંડળ દ્વારા કેડીઓ ભવનમાં જ્ઞાન પાંચમની આરાધના પૂ. ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. અને પૂ. શ્રી કલ્પતરૂ સાગરજી મ.સા.ના નિશ્રામાં એમની પ્રેરણાથી કરાવવામાં આવેલ. ભવનમાં એક રૂમમાં જ્ઞાનમહિમાને સમજાવતી સજાવટ કરવામાં આવેલ. શ્રી સરસ્વતી માતાજીની વીણાની આબેહુબ રંગોળી બનાવવામાં આવેલ. પૂજ્યશ્રી જ્ઞાન વિશે સુંદર સમજણ આપેલ. આ જ્ઞાનકક્ષના દર્શન કરાવવાનો લાભ ચિ. પાવન તરૂણ નાગડા, પ્રથમ વાસક્ષેપ પૂજાનો લાભ કુ. મોનાલી પ્રદીપ દંડ, જ્ઞાનની આરતીનો લાભ કુ. જાસ્મીન મનોજ ધુલ્લાએ લીધેલ. બહોળી સંખ્યામાં જ્ઞાતજિનોએ જ્ઞાન પાંચમની આરાધનામાં ભાગ લીધેલ અને દરેકને રૂા.૨૫ની પ્રભાવના થઈ. જ્ઞાન પાંચમના સમગ્ર સજાવટ સર્વશ્રી અનીલ નાગડા, કમલેશ નાગડા, અવિનાશ દંડ, અજય લોડાયા, જીગર નાગડા, સ્મિત દંડ, ડમ્પલ નાગડા, ધ્રુવી દંડ અને મધુરીબેન દંડે કરેલ.

પ્રમુખશ્રી મધુરીબેન લક્ષ્મીચંદ દંડ, સેક્રેટરી ભારતીબેન નાગડા અને ઇન્દીરાબેન છેડાએ માર્ગદર્શન કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા સૌએ સુંદર યોગદાન આપેલ. દર બુધવારના રાતે શ્રી વિમલનાથ પ્રભુની ભાવના ગીત સંગીતસહ ભણાવવામાં આવે છે.

## જૈન લગ્નોત્સુક પાત્રો માટે વેબસાઈટ

સમસ્ત જૈન સમાજ માટે કોઈપણ જ્ઞાતિ સંપ્રદાય ભેદભાવ વિના લગ્નસંબંધી પાત્ર પરિચય માટેની વેબસાઈટ "જીતો" દ્વારા ચાલે છે. જેમાં રજીસ્ટ્રેશનન કરી યોગ્ય પાત્ર માટે લાભ લઈ શકાય છે. વેબસાઈટ ; www.jitomatrimonial.com

## "જીતો"ની પ્રવૃતિઓ

જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓરગેનાઇઝેશન દ્વારા સમગ્ર જૈન સમાજ માટે જીતો લેડીઝ વીંગ (જીવો) અને જીતો યુથ વીંગ (જીયો) ના ઉપક્રમે મહિલા અને યુવા પ્રવૃતિઓ યોજાઈ રહી છે. જૈનોની ઓનલાઇન ટ્રેડ ડીરેક્ટરીનું પ્રકાશન આયોજાયું છે. જૈન ઉદ્યોગપતિઓ, વ્યાપાર અને વ્યવસાયિકો માટે ડીરેક્ટરી તૈયાર થઈ રહી છે. જે માટે વિશાળ ડેટાબેઝ લાભ લેવા નિષ્ણાતો પોતાની ઓનલાઇન એન્ટ્રી કરાવી સમસ્ત જૈન સમાજનો લાભ લઈ શકશે.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભાવના તા.૨૩-૧૨-૧૨ના રાતે ૯ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી મૈશેરી પરિવાર તથા માતુશ્રી મણીબાઈ શીવજી મોતા પરિવાર (લાલા)ની સાથે રાખેલ છે. તા.૨૦-૧-૧૩ની ભાવનાનો લાભ શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવાર (નલીયા)એ લીધેલ છે.

## શ્રી અંબેમા ખોના પરિવાર સુથરી

સુથરીમાં બિરાજમાન ખોના ગોત્રના દેશ-દેશાવરથી કુલ ૪૨ જણાં પધારેલ. સવારના શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથની સેવા પુજા કરી માતાજીની ભક્તિ ભાવના સાથે આરતી કરવામાં આવી હતી.

કારતક સુદ ૧૪નાં નામકરણ તથા છેડાછેડીનાં જુહાર થયેલ કા. સુદ ૧૫ના સમુહ પેડી અને જુહાર થયેલ. સાથે પૂડસાદાદાના ભુઈમાની ગંધી બદલવાનો કાર્યક્રમ થયેલ. માતાજીના ભુઈમાને વસ્ત્રો અર્પણ કરવાનો લાભ શા. સોમચંદ મુલજી ખોના પરિવાર તથા પુડસાદાદાની ગંધી અર્પણ કરવાનો લાભ શ્રી લિંકેશ મણીલાલ ખોના પરિવારે લીધેલ. આવતા વર્ષે માતાજીને વસ્ત્રો અર્પણ કરવાનો લાભ શા. શામજી મુલજી પરિવારે લીધેલ છે. સ્થાનીક ગામવાસીઓ, પુજારી, મહેતાજી તથા મહાજનવાડીનાં મહેતાજી શ્રી વાલજીભાઈ ધરમશી વગેરેએ સારો સાથ સહકાર આપેલ. માતાજીના સ્થાનની સારસંભાળ શ્રી પ્રાણજીવનભાઈ રાખે છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-હૈદરાબાદ

મહાજનશ્રીના ઉપક્રમે તા.૧૮-૧૧-૧૨ના કચ્છી ભુવનમાં દિવાળી સ્નેહ મિલન ધામધુમથી ઉજવવા આવેલ.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

સાંજે ૪ થી ૬ અલ્પાહાર હતું. ત્યારબાદ સર્વે કાર્યક્રમમાં સહભાગી થયા. મંચ પર પ્રમુખ શ્રી મણીકાંત મેઘજી મોમાયા, ઉપપ્રમુખ શ્રી ધનપત લાલજી મોતા, મંત્રી શ્રી મોનીક વિનોદ ઘરમશી, ખજાનચી શ્રી વિરેન્દ્ર શીવજી મોતા, કન્વીનર શ્રી ધીરજ જેતશી ધુલ્લા તથા માજી પ્રમુખ શ્રી રમેશ પ્રેમજી બીરાજમાન હતા. સ્વાગતગીત નાનાં બાળકોએ નવકારમંત્રની ધુનથી સુંદર રીતે રજુ કરેલ. જ્ઞાતિ શિરોમણી શ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવી, દીપ પ્રગટાવી કાર્યક્રમનો આરંભ થયો.

પ્રમુખશ્રીએ આવકાર આપતાં સૌને દિવાળીની શુભકામના આપી. સમાજનું પહેલાં જે નામ મિત્ર મંડળ હતું તેના સ્થાને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નામે પરિવર્તીત કરી રજીસ્ટ્રેશન કરેલ છે. જ્ઞાતિછાત્રોને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી માર્ગદર્શન અને બનતી આર્થિક સહાય આપવા એક સમિતિની રચના કરવામાં આવી છે. ભવિષ્યમાં મહાજનની ઈતર પ્રવૃતીઓ કરવા સૌને સુચનો મોકલવા જણાવેલ. માનદમંત્રી શ્રી મોનીક વિનોદ ઘરમશીએ વાર્ષિક અહેવાલ રજુ કરેલ. મુંબઈ મહાજન આયોજીત કરજતમાં "યંગ તરંગ" યુવામેળામાં હૈદ્રાબાદના ૨૫ યુવક-યુવતીઓએ ભાગ લીધેલ. જેમાં નૃત્ય હરીફાઈમાં હૈદ્રાબાદની કુ. હર્ષીતા મણીકાંત મોમાયા પ્રથમ આવેલ. જેની નોંધ લેવાઈ. સમસ્ત જ્ઞાતિ મહાજનનાં પ્રતિનિધિઓ અત્રે જનજાગરણ સંપર્ક અભિયાનમાં જૂનમાં પધારેલ ત્યારે મહાજનશ્રીનું સ્નેહમિલન કાર્યક્રમ યોજી વિચારોની આપ-લે કરવામાં આવી હતી.

તા.૧૭ થી ૯-૯-૧૨ દરમ્યાન શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ આયોજીત ૧૧૦ સભ્યો ચૈત્ય પરીપાટી અર્થે હૈદ્રાબાદ પધારેલ. સૌનું સ્વાગત કરી તેમની સરભરા કરવામાં આવી. શ્રી કચ્છી ભુવનમાં મહાજન દ્વારા એક સ્નેહમિલન અને પ્રીતી ભોજન યોજાયેલ.

વર્ષ ૨૦૧૨માં S.S.C. માં ૭૫% થી વધુ ગુણાંક મેળવાનાર વિદ્યાર્થીઓનું ઈન્ટર અને ડીગ્રીની પરિક્ષામાં ૭૫% કે વધુ સર્વોચ્ચ ગુણાંક મેળવાર વિદ્યાર્થીઓનું સન્માન માતુશ્રી જેતબાઈ ધુલ્લા રજત પદકથી કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૨ની ઈન્ટર પરીક્ષામાં ૯૮૬/૧૦૦૦ ગુણાંક મેળવી ડીસ્ટ્રીક્ટમાં પ્રથમ અને રાજ્યમાં ૯મા ક્રમે ઉર્તીણ થનાર કુ. ભાવીની જીતેન્દ્ર મૈશેરીનું મહાજન દ્વારા બહુમાન કરવામાં આવેલ. ૭૫થી વધુ ઉમરના વડીલોનું સન્માન કરવામાં આવેલ. બાળકો અને વડીલો માટે અવનવી રમતો શ્રીમતી જ્યોતીબેન મહેન્દ્ર મોતા અને ટીમે સુંદર રીતે રમાડી.

આ દિવાળી મિલનનાં સ્વામી વાત્સલ્યનાં દાતા માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ અને કલ્પના હીરેન પટેલનું બહુમાન કરવામાં આવેલ.

સ્વામીવાત્સલ્ય બાદ રાસ, ગરબા, મટુકડી અને દાંડીયારાસ રાખવામાં આવેલ. સુંદર રમનારા ભાઈ-બહેનો અને બાળકોને ઈનામ આપવામાં આવેલ. ઈનામોનાં દાતા શ્રીમતિ લતાબેન મણીકાંત મોમાયા હતા.

આ પ્રસંગે ૪૫૦ સભ્યોએ પ્રિતીભોજન માણેલ. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી હીના ઘર્મેશ અને હિતેશ ઘરમશીએ સુંદર રીતે કરેલ. રાતે ૧૧.૩૦ વાગે ભરપૂર આનંદ માણી સર્વે છુટા પડ્યા હતા.

**લગ્નસંબંધી**

મુંબઈ સ્થિત, ઉંમર વર્ષ ૪૪, ઉંચાઈ ૫'-૬", દેખાવડા, સ્લીમ, કુંવારા, B.Com. પોતાનો વ્યવસાય કરતા યુવક માટે કન્યાના વડીલો સંપર્ક કરે.

**મો. 09821328384**

## શ્રી અચલગચ્છ જૈન સંઘ-પુના

સંઘના ઉપક્રમે પુનાના પ્રગતિ આરાધના ભવનમાં પર્યુષણ પર્વ દરમિયાન એક નોખા અનોખા અસાધારણ નાટકની સુંદર રજુઆત થયેલ જેનું નામ હતું : "સગપણ એક સળગતી સમસ્યા" જેનું નિર્માણ, નિર્દેશન, પરિકલ્પના તેમજ આલેખન કાર્ય શ્રી ખુશાલ લાલજી મહેશ્વરી, સૌ. ભાવના ખુશાલ મહેશ્વરી, શ્રી ભરત નાગડા તથા સૌ. હીના સાવલાની ટીમ દ્વારા કરાયેલ. ધર્મની સાચવણ છે સમાજ અને સમાજના સફળ અને સરળ સંચાલનનું મૂળભુત આધાર રહેલો છે સમાજની પ્રાથમિક સંસ્થા "લગ્ન" પર. લગ્નનું મુખ્ય પરિબળ છે "સગપણ" આમ વર્તમાન કાળમાં વિકટ સ્વરૂપે ફેલાઈ રહેલી સગપણની સમસ્યા પર પ્રકાશ પાડવો ખૂબ જરૂરી છે. આ વિષય પર સમજણ અને સમાધાનના સુત્ર રૂપે સામાજીક સંદેશ આપતા આ નાટકે ઉપસ્થિત રહેલ પ્રેક્ષકોની ભારે પ્રશંસા પામેલ.

## નાગપુરમાં મહાકાળી માતાજીની ભાવના

દર મહિને આઠમના થતી મહાકાળીમાની ભાવના તા.૨૨-૧૧-૧૨ શ્રી મેઘજીભાઈ પોલડિયાના ઘરે ચિ. અપેક્ષાના લગ્ન નિમિત્તે રાખવામાં આવી. ભાવના બાદ લગ્ન-ગીત પણ ગાયા. બહેનોએ ગીતો અને સ્તવન ગાઈને રમઝટ જમાવી હતી. પ્રસાદ, અલ્પાહાર અને કૉફીનો લાભ લઈને સહુ છુટા પડયા હતા.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**યતીન પ્રતાપ ખોના** વિમલ પ્લાઝા, બારોઈ રોડ, મુંદ્રા (કચ્છ) ફોન : ૦૯૦૯૯૮૭૭૫૬૫

**ચંદ્રકાંત દેવચંદ લોડાયા** ૫ પાર્વતી કૃપા, હનુમાન મંદિર પાછળ, કલવા-૪૦૦૬૦૫

**નિર્મલા કે. લોડાયા** ૧૬, પરમાનંદ, જયહિંદ કોલોની, ડોંબિવલી (વે.)-૪૨૧૨૦૨ ફોન: ૯૯૨૦૨૬૬૨૪૩

**નવીન ધનજી દંડ** ૧૭૦૩ સ્પાર્કલ ટાવર, સીટી ઓફ જોય કોમ્પ્લેક્સ, જે.એસ. ડોસા માર્ગ, મુલુંડ (વે), મુંબઈ-૮૦

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

પ્રતાપ જીવરાજ ખોના-અમલનેર ૦૭૮૭૫૨૦૭૯૪૫

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૧૦-૧૨ | ભાંડુપ | SMMA08060 | જીલ-ગૌતમ મુલચંદ મૈશેરી | મોટીસિંધોડી | કન્યા |
| ૨૬-૧૧-૧૨ | મીરારોડ | SMMA080703 | આરવ-નિખિલ હીરાચંદ મૈશેરી | મોટીસિંધોડી | પુત્ર |
| ૯-૧૧-૧૨ | ઘાટકોપર | NLNG201304 | મીરયા-જય રાજેન્દ્ર નાગડા | નલીયા | કન્યા |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯-૧૨-૧૨ | બોરીવલી | A | પ્રતીક વિનોદ ખંડેલવાલ | મથુરા | ૨૬ |
| | કાંદીવલી | SUDH | સિધ્ધિ (રૂચિતા) લલીત પ્રતાપ ધરમશી | સુથરી | ૨૫ |
| ૨-૧૨-૧૨ | | A | ડો. મનીષ સોહનલાલજી શ્રી શ્રીમલ | | ૨૮ |
| | કુંમઠા | VRDA010603 | ડો. માનસી રાજેન્દ્ર પ્રેમચંદ ડાઘા | વરાડીયા | ૨૬ |
| ૨૨-૧૧-૧૨ | દિલ્હી | A | મુકેશ રામસંજીવન મૌર્ય | ભાદોલ | ૩૧ |
| | | BHDD031703 | પારુલ ભરત નાગશી દંડ | ભરૂડીયા | ૨૬ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦-૧૧-૧૨ | | A | અર્પણ-ગોપાલજી જોશી | બુંદી (રાજ.) | ૩૫ |
| | ભાંડુપ | BDMA030103 | કોમલ ડાયમંડ દામજી મૈશેરી | બાંઢિયા | ૩૫ |

### છૂટાછેડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬-૧૦-૧૨ | ડોંબિવલી | DASL | શૈલેષ નવીનચંદ્ર રૂપશી શિયાડ | દલતુંગી | ૩૨ |
| | મલાડ | A | ચેતના જયેન્દ્ર લાલચંદ મહેતા | રામપર | ૨૯ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮-૧૨-૧૨ | વાશી | BYDD010101 | મણીબાઈ ડુંગરશી ટોકરશી દંડ | બાયઠ | ૯૩ |
| ૮-૧૨-૧૨ | પુના | TRDH030102 | ચંદનબાઈ નરેન્દ્ર ગોવિંદજી ધરમશી | તેરા | ૬૫ |
| ૮-૧૨-૧૨ | હૈદ્રાબાદ | VVMT011002 | ઇલા મધુકર શીવજી મોતા | વારાપધ્ધર | ૬૩ |
| ૧૧-૧૨-૧૨ | ઇન્દોર | VRMO130301 | પંકજ પુનમચંદ માણેકજી મોમાયા | વરાડીયા | ૪૧ |
| ૯-૧૨-૧૨ | અમદાવાદ | JSCD011101 | ખીમચંદ ખીયશી મુરજી છેડા | જશાપર | ૬૪ |
| ૧૧-૧૨-૧૨ | ઇંદોર | VRMO | પંકજ પુનમચંદ મોમાયા | વરાડીયા | ૪૧ |
| | વારાપધર | VVNG020101 | પુરબાઈ આણંદજી કાનજી નાગડા | વારાપધર | ૯૬ |
| | ડોંબિવલી | TRMT012301 | હીરાચંદ શીવજી ડુંગરશી પટેલ (મોતા) | તેરા | ૭૨ |


શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઇમ્બતુર)

# EKTA
## LAND DEVELOPERS

જવાહર રોડ, હોટલ દિશા પાસે, નલીયા - કચ્છ. ફોન : ૦૨૮૩૧ - ૨૨૨૧૯૧

## એકતા નગર - ૧

₹ ૨૦૦/- ચો. ફુટ

N. A. PLOT
નલીયા થી ૭ કિ. મી. નાં અંતરે

રોડ, લાઈટ, પાણી, સ્ટ્રીટલાઈટ જેવી ફેસીલીટી સાથે

## એકતા રુબી

₹ ૨૨૫/- ચો. ફુટ

N. A. PLOT
નલીયા થી ૩ કિ.મી. નાં અંતરે

## એકતા ગેલેક્સી

નલીયા થી ૪ કિ.મી. નાં અંતરે
6 Months NA
(વગર કોઈ ફેસીલીટી સાથે)

₹ ૧૪૦/- ચો. ફુટ

**જીતેન્દ્ર દિનેશભાઈ લોડાયા**
(મુલુન્ડ)
મો. ૦૯૯૬૭૭૫૫૭૭૩

**યોગેશ નિતીન મોતા**
(ગાંધીધામ)
મો. ૦૯૩૭૭૭૯૧૪૪૪

**સોમચંદ માણેકજી શાહ**
(ડોમ્બીવલી)
મો. ૦૯૩૨૪૧૪૧૫૮૪,
૦૮૧૦૮૧૩૨૩૪૧

**ધવલ રાજેશ નાગડા**
(વડોદરા)
મો. ૦૯૯૨૪૪૫૮૦૦૨

**મહેશ શામજી નાગડા**
(નલીયા)
મો. ૦૯૪૨૮૬૮૪૩૨૭

-: મુખ્ય આયોજક :-

જુગલ માણેકજી નાગડા - અંજાર ૦૮૮૬૬૬૯૨૬૬૬, ૦૯૯૭૮૦૦૨૭૭૨
હેમંત ગુલાબચંદ મોમાયા - મુલુંડ ૦૯૮૧૯૦૧૮૧૪૩
કિરણ લખમશી મોતા - નલીયા ૦૯૯૨૫૯૯૧૧૧૮

e ektaland@gmail.com

અબડાસા માં મકાન જમીન તથા બંગ્લોઝ ની લે-વેચ માટે મળો. મો. 09978002772

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# પ્રથમ પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ

અરિહંતશરણ
૧૭-૧૨-૨૦૧૧



પિયરીયા : સ્વ. રુપશી નેણશી લોડાયા
(રાપરગઢવારી)
સાસરીયા : સ્વ. રાયશી કુડધર મોતા
(સુથરી)

## સ્વ. માતુશ્રી રતનબાઈ ત્રિકમજી મોતા (સુથરી)

**વર્ષ વિત્યું, વરસો વિતશે, યાદ તમારી વિસરાય ના,**
**પણ !! મોક્ષ પંથે જનારને કોઈથી રોકી શકાય ના !**

### આપના વિયોગમાં વ્યાકુળ પરિવાર...

પુત્રવધુઓ-પુત્રો : સ્વ. જયવંતીબેન કિશોરકાંત મોતા (ઈંદોર)
અ.સૌ. હંસાબેન યોગેશ મોતા (ઈંદોર)
અ.સૌ. મંજુલાબેન પ્રફુલ્લકુમાર મોતા (મુલુન્ડ)

પૌત્રવધુઓ-પૌત્રો : અ.સૌ. તરલાબેન પ્રતાપ મોતા (ઈંદોર)
અ.સૌ. હંસાબેન ટેકેન્દ્ર મોતા (ઈંદોર)
અ.સૌ. ઈલાબેન નવીન મોતા (ઈંદોર)
અ.સૌ. સ્મિતાબેન પિયુષ મોતા (ઈંદોર)

પૌત્રીઓ : અ.સૌ. પૂર્વી ગૌરવ લોડાયા (દાવણગિરી)
વિરાજ પ્રફુલ્લકુમાર મોતા (મુંબઈ)
ધરા પ્રફુલ્લકુમાર મોતા (મુંબઈ)

પુત્રીઓ-જમાઈઓ : સ્વ. હીરાબેન માણેકજી લોડાયા (સાંયરા-મસ્જીદ બંદર)
ગં.સ્વ.ચંદનબેન સોમચંદ નાગડા (જખૌ-ગોવા)
અ.સૌ. છાયાબેન નવીનચંદ્ર લોડાયા (સાંયરા-મુલુન્ડ)
ગં.સ્વ. વિજયાબેન જવેરચંદ લોડાયા (સાંધાણ-પારોલા)
અ.સૌ. પ્રેમીલાબેન નરેન્દ્ર લોડાયા (બાંઢીયા-અમદાવાદ)
અ.સૌ. વાસંતીબેન હેમેન્દ્ર લોડાયા (વારાપધ્ધર-મુલુન્ડ)
અ.સૌ. પ્રજ્ઞાબેન મુકેશ દંડ (તેરા-ખામગામ)

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**